વિશ્વવિહાર

વર્ષ : 20 * અંક : 11 * ઑગસ્ટ 2018 * કિં. ₹ 15



શ્રી કુમુદિનીબહેન લાખિયાના હસ્તે
'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ'
સ્વીકારતા શ્રી ભરત દવે



‘ગુજરાતના વિકાસની દિશા’ વિશે ડૉ. યોગેન્દ્ર કે. અલઘ



‘ઉપનિષદો : જીવન-વિજ્ઞાનના ગ્રંથો’
વિશે શ્રી નરેશ વેદ



‘વેદાંત દર્શન અને આપણી
જીવનશૈલી’ વિશે મધુસૂદન વ્યાસ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે,
ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ,
સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : ‘ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ’ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)

યુજીસીની મૃત્યુનોંધ પછી

૧૯૫૬માં પાર્લમૅન્ટના કાયદા દ્વારા વિધિવત્ અસ્તિત્વમાં આવેલા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મૃત્યુની ઘડીઓ ગણાઈ રહી છે ! એનું સ્થાન લેવા માટે હાયર એજ્યુકેશન કમિશન ઑવ્ ઇન્ડિયાની રચના કરતો કાયદો કરવા માટેનો ખરડો માનવ-સંસાધન ખાતાએ જાહેર ચર્ચા માટે ૨૭ જૂનના રોજ પ્રગટ કર્યો હતો. એના માટેનાં સૂચનો સાતમી જુલાઈ સુધીમાં આપી દેવાનાં હતાં. આવા મહત્ત્વના ખરડાની ચર્ચા માટે રસ ધરાવનારાઓને માત્ર દસ દિવસ આપવામાં આવે તે ટીકાપાત્ર છે. એ મુદ્દાને બાજુ પર રાખીને અવસાન પામનાર યુજીસીની અને તેના સ્થાને અવતરનાર નવી સંસ્થાની થોડી ચર્ચા કરીએ.

યુજીસીની રચના અનૌપચારિક રીતે આઝાદી મળ્યાના છ વર્ષમાં કરવામાં આવી હતી. અબુલ કલામ આઝાદે તેનું ઉદ્ઘાટન કરેલું. તેનું પ્રેરણાસ્થાન ઇંગ્લૅન્ડની એ જ આદ્યાક્ષરો ધરાવતી સંસ્થા હતી. ઇંગ્લૅન્ડમાં યુજીસીની રચના સરકારે યુનિવર્સિટીઓને રાજ્યને ગ્રાન્ટ આપવા માટે કરી હતી. યુનિવર્સિટીઓની સ્વાયત્તતા જાળવી રાખીને રાજ્યને નાણાકીય સહાય પૂરી પાડવા માટે યુજીસીની રચના કરવામાં આવી હતી. ભારતમાં પણ યુનિવર્સિટીઓના કારોબારને રાજકીય હસ્તક્ષેપથી મુક્ત રાખવા માટે કેન્દ્ર કક્ષાએ યુજીસીની રચના કરવામાં આવી હતી, પણ ભારતમાં યુજીસી માત્ર ગ્રાન્ટ આપતી સંસ્થા બની રહે એવા ઉદ્દેશથી તેની રચના કરવામાં આવી નહોતી. તેણે બીજાં પણ મહત્ત્વનાં કાર્યો કરવાનાં હતાં.

ભારતની યુનિવર્સિટી પ્રથામાં શિક્ષણ, પરીક્ષણ અને સંશોધનનાં ધોરણો મુકરર કરીને તે જાળવી રાખવાની મોટી જવાબદારી તેણે સંભાળવાની હતી. આ ઉપરાંત દેશની યુનિવર્સિટીઓની કામગીરીનું સંકલન પણ તેણે કરવાનું હતું. એનો આરંભ થયો ત્યારે પંડિત નહેરુએ તેને એક ક્રાંતિકારી પગલા તરીકે બિરદાવ્યું હતું. દેશની બદલાતી જરૂરિયાત પ્રમાણે દેશના યુનિવર્સિટી શિક્ષણને આકાર આપવાનું નીતિવિષયક માર્ગદર્શન તે પૂરું પાડશે એવી અપેક્ષા તેમણે રાખી હતી.

ઘણી મોટી અપેક્ષાઓ સાથે રચવામાં આવેલી યુજીસીની મૃત્યુનોંધ લખવાની વેળા કેમ આવી ? એક હકીકત તરીકે એ નોંધવું જોઈએ કે યુજીસીને બદલવા માટે, તેને સ્થાને નવી સંસ્થા રચવા માટેની માંગ લગભગ એક દસકાથી થતી આવી છે, મતલબ કે યુજીસીની કામગીરી સામે વ્યાપક અસંતોષ પ્રવર્તે છે. યુજીસી સામેના આ અસંતોષને સમજવા માટે દેશની યુનિવર્સિટી પ્રથાનું આંકડાકીય ચિત્ર અને તેમાં ડોકાતા વૈવિધ્યને નજર સમક્ષ રાખવું જરૂરી છે.

દેશ આઝાદ થયો ત્યારે દેશમાં ૨૦ યુનિવર્સિટીઓ અને ૫૦૦ કૉલેજો હતી. એ સંખ્યા સતત અને ઝડપથી વધતી રહીને ૨૦૧૭માં ૭૬૦ યુનિવર્સિટીઓ અને ૩૮,૪૯૮ કૉલેજો પર પહોંચી. વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૨૦ લાખ પરથી વધીને ૩.૧૫ કરોડ પર પહોંચી. સંખ્યાના આ વિસ્ફોટ સાથે એક બીજા પરિવર્તનની ખાસ નોંધ લેવા જેવી છે. ૧૯૪૭માં ગ્રામ વિસ્તારમાં કૉલેજ હોવાની કલ્પના પણ થઈ શકે તેમ નહોતી. આજે ૬૦ ટકા જેટલી કૉલેજો ગ્રામવિસ્તારોમાં આવેલી છે અને ૭૮ ટકા કૉલેજોનું સંચાલન ખાનગી સ્વરૂપમાં ટ્રસ્ટો દ્વારા કરવામાં આવે છે. દેશમાં અપાતા ઉચ્ચ શિક્ષણ સામેનો અસંતોષ ઓછામાં ઓછો લૉર્ડ કર્ઝનના સમયથી ચાલ્યો આવે છે. તેમાં સંખ્યાના વિસ્ફોટથી કૉલેજોમાં અપાતા શિક્ષણની ગુણવત્તા કેટલી કથળે તે કલ્પી શકાય તેવું છે. આ પરિસ્થિતિમાં યુજીસીએ શિક્ષણ, પરીક્ષણનાં ધોરણો જાળવવાની કપરી કામગીરી બજાવવાની આવી. આ કામગીરી મહદ્દંશે યુનિવર્સિટીઓએ બજાવવાની હોય, પણ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી કૉલેજોની સંખ્યા વધતાં યુનવર્સિટીઓ પોતે જ નબળી પડી ગઈ, તેથી યુજીસીને એક સાથે યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કૉલેજોનું નિયંત્રણ કરવાનું આવ્યું. આ પ્રક્રિયામાં તે 'સુપર યુનિવર્સિટી' સ્વરૂપે બહાર આવી.

કૉલેજો અને યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક ધોરણો જાળવી રાખવા તેણે વિવિધ કાર્યક્રમો હાથ ધર્યા. પુસ્તકો અને અન્ય ભૌતિક સગવડો માટે તેણે ગ્રાન્ટ આપી, દા. ત., લૅંગ્વેજ લૅબોરેટરી અને કમ્પ્યૂટર વસાવવા માટે વિવિધ કૉલેજો અને યુનિવર્સિટીઓના અનુસ્નાતક વિભાગોને ગ્રાન્ટ આપી. 'કોહસીપ' અને 'કોસીપ' જેવા કાર્યક્રમોનો અમલ કર્યો. ટૂંકમાં,

અનુક્રમ

શૈક્ષણિક સુધારણા માટેના કાર્યક્રમો રાષ્ટ્રીય ધોરણે તૈયાર કરીને કૉલેજો અને યુનિવર્સિટીઓ તે અપનાવે તે માટે ગ્રાન્ટ પૂરી પાડી. આમ એક બાજુ તેણે નાણાકીય પ્રોત્સાહન પૂરું પાડીને શૈક્ષણિક ધોરણો જાળવવા અને સુધારવાનાં પગલાં ભર્યાં, બીજી બાજુ તેણે નિયંત્રણોનો આશ્રય લીધો. આ નિયંત્રણો કૉલેજો અને યુનિવર્સિટીઓના રોજબરોજના કામકાજ સુધી વિસ્તર્યાં. દા. ત., કૉલેજોમાં અધ્યાપકોએ કેટલા કલાક હાજરી આપવી તેનો આદેશ યુજીસીએ આપ્યો. અધ્યાપકોએ અઠવાડિયાના ૪૦ કલાક શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ અને એ ૪૦ કલાકમાંથી કેટલા કલાક વર્ગકાર્ય માટે, કેટલા કલાક સ્વાધ્યાય માટે અને કેટલા કલાક સંસ્થાનાં વહીવટી કામો માટે ખર્ચવાના રહેશે એ પણ નક્કી કરી આપ્યું.

આ બધાં નિયંત્રણો યુજીસીને મૂકવાં પડ્યાં તેના મૂળમાં યુનિવર્સિટીઓની નિષ્ક્રિયતા અને બિનઅસરકારકતા રહેલાં છે. યુનિવર્સિટીઓની નિષ્કર્મણીયતાનું એક ઉદાહરણ નોંધવા જેવું છે. આપણી કૉલેજોમાં શીખવાતા અભ્યાસક્રમો દસકાઓ જૂના હોય છે તેથી સંશોધનો દ્વારા મેળવવામાં આવેલા નવા જ્ઞાનથી આપણા વિદ્યાર્થીઓ વંચિત રહે છે. આ સ્થિતિ સુધારવા માટે યુજીસીએ વિવિધ વિષયોના અદ્યતન અભ્યાસક્રમો તેના વિદ્વાનો પાસે તૈયાર કરાવીને યુનિવર્સિટીઓ પર મોકલી આપ્યા, એવી અપેક્ષાએ કે યુનિવર્સિટીઓ તેના આધાર પર તેમના પાઠ્યક્રમો સુધારશે, પણ દેશની મોટા ભાગની યુનિવર્સિટીઓએ યુજીસીએ પાઠવેલા અભ્યાસક્રમો પરત્વે દુર્લક્ષ સેવીને જૂના અભ્યાસક્રમો જ ચાલુ રાખ્યા, તેથી યુજીસીએ તેની પાસે રહેલા ગ્રાન્ટના શસ્ત્રનો ઉપયોગ કર્યો. અભ્યાસક્રમો નહિ સુધારનાર યુનિવર્સિટીઓને ગ્રાન્ટ આપવામાં આવશે નહિ એવી ચેતવણી આપવામાં આવી. યુજીસીને 'સુપર યુનિવર્સિટી' થઈને યુનિવર્સિટીઓની સ્વાયત્તતા છીનવી લેવાની ફરજ કેમ પડી તેનો ખુલાસો આ ટૂંકા વર્ણનમાંથી સાંપડે છે.

હવે યુજીસીના સ્થાને ઉચ્ચ શિક્ષણ માટે જે કમિશન રચવાની દરખાસ્ત કરવામાં આવી છે તેનો ટૂંકમાં વિચાર કરીએ. આપણી પરંપરા પ્રમાણે એના ઉદ્દેશો પ્રભાવક શબ્દોમાં રજૂ થયા છે : શૈક્ષણિક ધોરણો સુધારવાં, તેમાં વિદ્યાર્થીઓ કેટલું પામ્યા છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું, શૈક્ષણિક સંસ્થાઓની કામગીરીનું મૂલ્યાંકન કરવું, અધ્યાપકોને તાલીમ આપવી, શૈક્ષણિક ટૅક્નૉલૉજીના ઉપયોગને પ્રોત્સાહન આપવું વગેરે. કમિશન નવી યુનિવર્સિટીઓને માન્યતા આપવા માટેનાં ધોરણો મુકરર કરશે. એ જ રીતે યુનિવર્સિટીઓને સ્વાયત્તતા આપવા માટેનાં ધોરણો પણ એ મુકરર કરશે.

આમ યુજીસીનાં શૈક્ષણિક સ્વરૂપનાં લગભગ બધાં કાર્યો શબ્દફેરે નવા રચાનાર કમિશનને સોંપવામાં આવ્યાં છે પણ યુનિવર્સિટીઓ અને કૉલેજોને ગ્રાન્ટ આપવાની સત્તા કમિશનને આપવામાં આવી નથી. એ સત્તા માનવસંસાધન ખાતાની પાસે જ રાખવામાં આવી છે. આઇ.આઇ.ટી. (IIT) જેવી કેટલીક સંસ્થાઓને સરકાર સીધી જ ગ્રાન્ટ આપે છે તેનો દાખલો લઈને સમગ્ર દેશના ઉચ્ચ શિક્ષણની બધી સંસ્થાઓને સરકાર સીધી જ સહાય આપે એ જોગવાઈનો બચાવ કરવામાં આવ્યો છે. આ વિવાદાસ્પદ મુદ્દાને બાજુ પર રાખીને કમિશનની સૂચિત શૈક્ષણિક કામગીરી વિશે એક બે મુદ્દા વિચારીએ.

કમિશને જે શૈક્ષણિક ઉદ્દેશો પાર પાડવાના છે તે ક્યા માર્ગે તે પાર પાડશે ? દા. ત., શૈક્ષણિક ધોરણો સુધારવા માટે તે શું કરશે ? યુજીસી તો નાણાકીય સહાય આપીને એ દિશામાં કામ કરે છે, પણ ગ્રાન્ટ આપવાની સત્તા નહિ ધરાવતું કમિશન એ ક્યા માર્ગે કરશે ? નાણાકીય ખર્ચમાં વધારો કર્યા વિના થઈ શકે એવા સુધારા તો શોધવા પડે તેમ છે. એ જ રીતે શૈક્ષણિક ટેક્નોલૉજીને કમિશન ક્યા માર્ગે પ્રોત્સાહન આપશે ? અલબત્ત, કમિશનને કેટલીક શિક્ષાત્મક સત્તાઓ આપવામાં આવનાર છે. તે શિક્ષણસંસ્થાઓને દંડ કરી શકશે અને તેમના પદાધિકારીઓને સજા કરી શકશે. આવા શિક્ષાના માર્ગે ગુણવત્તાની સુધારણા ન થઈ શકે, લોકોને ગુનો કરતા અટકાવી શકાય. સંસ્થાઓની રચના કરતી વખતે આપણે ઊંચા ઉદ્દેશો નક્કી કરવામાં મણા રાખતા નથી, પણ એ ઉદ્દેશો સંસ્થા ક્યા માર્ગે હાંસલ કરશે તેની તલભાર વિચારણા કરતા નથી તેનું આ એક ઉદાહરણ છે.

પાયાનો પ્રશ્ન ઉચ્ચ શિક્ષણ માટેની સર્વગ્રાહી નીતિના અભાવનો છે. કેટલીક સંસ્થાઓ 'વર્લ્ડ ક્લાસ' બનીને જગતની ટોચની યુનિવર્સિટીઓમાં સ્થાન પામે તે એક ઉદ્દેશ સ્પષ્ટ થયો છે. કેટલીક સંસ્થાઓ પ્રતિષ્ઠિત સંસ્થાઓ(Institution of Eminence)ના વર્ગમાં આવે અને કેટલીક સ્વાયત્ત યુનિવર્સિટીઓના વર્ગમાં આવે તે બીજો ઉદ્દેશ સ્પષ્ટ થયો છે, પણ આ અલ્પ સંખ્યક સંસ્થાઓ તો કમિશનના કાર્યક્ષેત્રની બહાર રહેવાની છે. યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓની જે મોટી બહુમતી કમિશનનાં કાર્યક્ષેત્રોમાં રહેવાની છે તેમને અંગે કોઈ સ્પષ્ટ નીતિ નથી. એ નીતિના અભાવમાં કમિશન કઈ રીતે કામગીરી બજાવશે તે પ્રશ્ન છે. એ સંસ્થાઓને 'ત્રીજા વર્ગ'ના નાગરિક તરીકે માત્ર ટકાવી રાખવાની છે કે તેમનામાં પણ ગુણાત્મક પરિવર્તનો નિપજાવવાનાં છે ?

— **રમેશ બી. શાહ**


ગુજરાતી ભાષા-સાહિત્ય વિશે એક નવી પહેલ

વિશ્વકોશની જુદી જુદી વ્યાખ્યાનશ્રેણીઓએ એક આગવું આકર્ષણ ઊભું કર્યું છે. એમાં પણ દર મહિનામાં બે બુધવારે યોજાતી શ્રી ભદ્રંકર વિદ્યા-દીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં અત્યાર સુધી ૨૯૦થી વધુ વ્યાખ્યાનો થયાં છે. અગાઉ ૨૦૧૦માં 'જ્ઞાનાંજન-૧' અને 'જ્ઞાનાંજન-૨' પુસ્તક રૂપે પ્રગટ થયાં. હવે જ્ઞાનાંજન સીડી(શ્રાવ્ય) રૂપે આપવાનું નક્કી કર્યું છે અને તે મુજબ એની પ્રથમ સીડી તૈયાર થઈ છે, જેમાં પંદર વ્યાખ્યાનોનો સંપુટ માત્ર ૧૦૦ રૂ.માં આપવાનું ઠરાવ્યું છે. આ શ્રાવ્ય સીડીમાં સર્વશ્રી નિરંજન ભગત, રઘુવીર ચૌધરી, સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજી, ધીરુબહેન પટેલ, પ્રવીણ લહેરી, ગૌતમ પટેલ, નીતિન શુક્લ, રજનીકુમાર પંડ્યા, રોહિત શુક્લ, યોગેશ ગઢવી, વિનોદ જોશી, સુશ્રુત પટેલ, જય વસાવડા, શાંતિકુમાર પંડ્યા અને રક્ષા વ્યાસનાં જુદા જુદા વિષય પરનાં મનનીય પ્રવચનો પ્રાપ્ત થશે. આ સીડી ગુજરાત વિશ્વકોશભવનના કાર્યાલયમાંથી કામકાજના દિવસોમાં ૧૨.૦૦થી ૫.૦૦ દરમિયાન મળશે.

હિરોશિમા દિન

ઑગસ્ટ માસ દેશ અને દુનિયાના સંદર્ભે વિશેષ યાદ ધરાવતો મહિનો છે. ભારતે લાંબી અને ઘેરી કાળરાત્રિઓ પછી ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત કરી. દુનિયાના સંદર્ભમાં આ જ મહિનામાં જાપાને ઑગસ્ટ, ૧૯૪૫માં માનવ-ઇતિહાસની પરમ કરુણાંતિકાનો અનુભવ કર્યો હતો. આજથી ૭૩ વર્ષ પૂર્વે ઑગસ્ટ, ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ તેના અંતિમ તબક્કામાં હતું, ત્યારે જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરે ઇતિહાસના પ્રથમ અણુવિસ્ફોટ અનુભવ્યા. ૬ઠ્ઠી ઑગસ્ટના રોજ સવારે ૮-૪૫ કલાકે એલાઈડ દેશોનાં લશ્કરી દળોએ હિરોશિમા શહેરના મધ્ય ભાગ પર 'લિટલ બૉય' નામથી ઓળખાતો અણુબૉમ્બ ઝીંક્યો. ત્યારબાદ ત્રીજા દિવસે એટલે કે નવમી ઑગસ્ટે હિરોશિમાની પડખે આવેલા શહેર નાગાસાકી પર બીજો અણુબૉમ્બ ઝીંક્યો, જે 'ફેટ મૅન' નામથી ઓળખાતો હતો. દુનિયાભરમાં અને માનવ-ઇતિહાસમાં આ સૌપ્રથમ અણુવિસ્ફોટ હતા.


આ કરુણાંતિકાની ભૂમિકા કંઈક આમ હતી. દુનિયાના દેશો બીજું વિશ્વયુદ્ધ લડી રહ્યા હતા. જેમાં બે મુખ્ય જૂથો હતાં. એક જૂથ 'એલાઈડ' દળોનું હતું, જેમાં અમેરિકા, બ્રિટન, રશિયા, કેનેડા જેવા દેશો સાથે હતા. બીજું જૂથ 'એક્સિસ' દેશોના દળોનું હતું, જેમાં જર્મની, ઇટાલી, જાપાન, હંગેરી જેવા દેશોનો સમૂહ હતો. આ યુદ્ધમાં બધા જ દેશો હરીફ દેશોની લશ્કરી શક્તિની બાબતમાં મહાત કરીને પાયમાલ કરવાનું લક્ષ્યાંક ધરાવતા હતા. અન્ય દેશોના લશ્કરને માટે ભારે ખાનાખરાબી સર્જવામાં આવે તો તેની કેડ તૂટી જાય અને બાકી બચેલા દેશો લશ્કરી મજબૂતાઈ સાથે આગળ વધી શકે. આથી જાપાને અમેરિકાના પર્લ હાર્બર નામના નૌકામથક પર હુમલો કર્યો. અમેરિકાની લશ્કરી તાકાતને



ભારે નુકસાની વેઠવાનો સમય આવ્યો. અમેરિકાના પક્ષે આ અસહ્ય સ્થિતિ હતી. તેના વળતા પગલાં રૂપે તેણે પોતાના સાથીમિત્રોની સાથે ચર્ચાવિચારણા અને લાંબી મંત્રણાઓ કરી. તે પછી 'ઑપરેશન ડાઉન-ફોલ' નામે એક નિર્ણય લેવાયો, જેમાં જાપાન પર અણુવિસ્ફોટ કરવામાં 'એલાઈડ' દળોની સંમતિ હતી. પરંતુ વિશેષ તો એ નિર્ણય અમેરિકાના પ્રમુખનો હતો. મહત્ત્વની વાત તો એ હતી કે ૧૯૪૦ સુધી જે લશ્કરી પાંખ પરમાણુસંશોધન કરતી હતી તેને સરકાર તરફથી કોઈ આર્થિક સહાય નહોતી આપવામાં આવતી. આઈન્સ્ટાઇનની સલાહથી પરમાણુ બૉમ્બ અંગેનો નિર્ણય લાંબા સમય સુધી ટાળવામાં આવેલો. છેવટે આ નવા શસ્ત્ર માટે સંમતિ આપવામાં આવી. આ નિર્ણય જાપાનના પર્લ હાર્બર પરના હુમલાના એક દિવસ અગાઉ જ લેવાયો હતો. આ રીતે અણુબૉમ્બ બનાવવાનો 'મેનહટ્ટન પ્રોજેક્ટ' માન્યતા પામેલો.

પર્લ હાર્બર પરના હુમલાથી છંછેડાયેલું અમેરિકા અણુવિસ્ફોટ માટે મરણિયું બન્યું હતું. ૬ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ અમેરિકાનું સુપર ફોર્ટ્રેપ્સ વિમાન 'ઈનોલાગે' જાપાનથી ૨૦૦૦ માઈલ દૂરના ટિનિયન ટાપુ પરથી હિરોશિમા જવા રવાના થયું. હિરોશિમા શહેર આ માટેની પસંદગીમાં અવ્વલ નંબરે હતું. બીજા નંબરે નાગાસાકી શહેર હતું. તેનાં કારણો એ હતાં કે હિરોશિમા મુખ્ય વહીવટી એકમ હોવા સાથે જાપાનના રિજિયોનલ આર્મીનું લશ્કરી મથક હતું. જ્યારે એની બાજુમાં આવેલું નાગાસાકી શહેર ઔદ્યોગિક સમૃદ્ધિનું શહેર હતું અને શસ્ત્રોના ઉત્પાદનમાં અગ્ર ક્રમે હતું. આ બંને શહેરોને આક્રમણના લક્ષ્યાંક બનાવવા પાછળનો ઈરાદો જાપાની લશ્કરની તાકાતની કમર તોડવાનો હતો. આમ બદલાની ભાવનાથી અમેરિકાના આ હુમલા પ્રેરાયેલા હતા.

પરિણામ સ્પષ્ટ હતું. ૧૦.૪ ચોકિમી. વિસ્તારમાં આગ ફાટી નીકળી. ૧૩ ચોકિમી. વિસ્તાર ભસ્મ થઈ ગયો. ૧,૩૭,૦૦૦ લોકો તાત્કાલિક તેની અસરનો ભોગ બન્યા અને ૭૮,૧૫૦ લોકો મૃત્યુ પામ્યા. બાકીના ક્રમશઃ મોતનો ભોગ બન્યા. જે થોડા લોકો જીવતા બચ્યા તેમને ભારે ઈજાઓ થયેલી અને અણુવિકિરણથી બેહાલ બન્યા હતા. આ વિકિરણો ૧૯૯૫ સુધી પ્રભાવક રહેલાં અને મૃતકોની સંખ્યા ૧,૯૨,૦૦૦ સુધી પહોંચેલી. આવી જ ભારે ખાનાખરાબી નાગાસાકીમાં સર્જાયેલી. માનવસંહારની પ્રચંડ કરુણાંતિકાથી જાપાન હતપ્રભ થયું હતું, આમ છતાં જાપાની લશ્કરી વડાઓ સંધિ કે શરણાગતિ સ્વીકારવા તૈયાર નહોતા. આ એક અપવાદરૂપ ઘટના હતી કે જ્યારે સમ્રાટે ઉફરા ચાલીને, પરંપરાનો ભંગ કરીને લશ્કરી વડાઓની ઇચ્છાવિરુદ્ધ, સ્વતંત્ર નિર્ણય લીધો હતો અને શરણાગતિ સ્વીકારી હતી. પરંતુ સમ્રાટની ઈચ્છાથી ૧૫ ઑગસ્ટ, ૧૯૪૫ના રોજ 'પોટ્સડામ ડેક્લેરેશન'ના શરણાગતિ પત્રનો સ્વીકાર કરીને આ કરુણાંતિકાને આગળ વધતાં રોકી લીધી. જોકે શરણાગતિનો આ માનહાનિભર્યો નિર્ણય સૈન્યના ઘણા અધિકારીઓ અને નાગરિકોને સ્વીકાર્ય નહોતો, આથી માનહાનિ કરતાં તેમણે મૃત્યુનો માર્ગ પસંદ કરેલો. ઘણા લશ્કરી અધિકારીઓ અને નાગરિકોએ આ કારણસર હારાકિરી કરી પોતાના સ્વમાનને આંચ ન આવવા દીધી. આ સંહારલીલા પછી જગત આખું અણુશક્તિની સંહાર ક્ષમતાથી ભયભીત છે અને અણુનિઃશસ્ત્રીકરણની



પીસ મેમોરિયલ પાર્ક

હિમાયત કરી રહ્યું છે. આ શરણાગતિ પછી ૨ સપ્ટેમ્બરના રોજ સત્તાવાર રીતે પૅસિફિક યુદ્ધ એટલે કે બીજું વિશ્વયુદ્ધ સમાપ્ત થયું.

આ યુદ્ધ સંહારક યુદ્ધ હતું. તેમાં યુદ્ધના નિયમો તો નેવે મુકાયેલા જ, પરંતુ નાગરિક વસ્તી પર બૉમ્બ ન ઝીંકી શકાય તેવા નાગરિક સંરક્ષક નિયમોનો પણ ધરાર ભંગ કરવામાં આવ્યો હતો. યુદ્ધ પૂરું થયા પછી વિશ્વ, વિચારધારાને લક્ષમાં રાખી બે બ્લોક—ભાગ—માં વહેંચાયું. જમણેરી, લોકશાહીવાદી અને મૂડીવાદ તરફી વિચારધારામાં અમેરિકા તરફી દેશોનો એક હિસ્સો રચાયો. બીજા હિસ્સે ડાબેરી, બિનલોકશાહીવાદી અને સામ્યવાદી વિચારધારા તરફ ઢળતા દેશોનો રશિયન હિસ્સો અમલમાં આવ્યો. આ જ કારણોથી આ બે હિસ્સાનાં જૂથો વચ્ચે ઠંડું યુદ્ધ આરંભાયું, જેમાં બે જૂથો સીધેસીધું યુદ્ધ નહોતા લડી શકતા પણ બંને સામસામે ઘુરકિયાં કરવામાંથી પાછા પણ નહોતા પડતા. સૌથી મોટી અને અપાર દુઃખની વાત તો એ હતી કે બીજા વિશ્વયુદ્ધના આ છેલ્લા હુમલાથી માનવતા હારી ગઈ, માનવજાત માટે યુદ્ધ દુઃખના ડુંગર ખડકતું ગયું, પણ રાજકીય સત્તાધીશોને કોઈ પણ ભોગે અટકાવી શકાયા નહોતા. હિરોશિમા-નાગાસાકી ઘટનાની સંહારકતા જ આજે વિશ્વના દેશોના અણુપ્રયોગોને રોકી રહી છે તો બીજી બાજુ વિશ્વના મોટા દેશો તેમજ મધ્યમકક્ષાના દેશો પણ અણુશક્તિ ધરાવવા માટે નાના-મોટા પ્રયાસો સતત ચાલુ જ રાખે છે. અણુતાકાત બનવું તે રાજકીય હોડનો વિષય બન્યું છે. જેમાં સત્તાની અને પ્રદેશની લાલસા પાયાની હકીકત છે.

આ બધું છતાં આખરે માનવજાતે શાંતિની અનિવાર્યતા પ્રમાણી છે. જગતને જીવવા માટેનો, વિકસવા માટેનો માર્ગ શાંતિ દ્વારા જ પામી શકાય એમ છે તે પાયાના સત્યની સ્વીકૃતિ અને પ્રતીતિ માણસજાતને થઈ ગઈ છે. અણુનિઃશસ્ત્રીકરણની આવશ્યકતા વિશે કોઈ બેમત નથી. હિરોશિમા ખાતે 'પીસ મેમોરિયલ પાર્ક' ઊભો કરાયો છે અને મૃતાત્માઓની શાંતિ ચાહવા અગણિત પ્રવાસીઓ દેશ-કાળના ભેદભાવ ભૂલી અહીં શાંતિની પ્રાર્થના કરે છે.

— રક્ષા વ્યાસ

વક્તવ્ય

રંગભૂમિનો પ્રભાવ

('પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ' સ્વીકાર પછીનો શ્રી ભરત દવેનો પ્રતિભાવ અહીં રજૂ કરીએ છીએ. શ્રી ભરત દવેએ આ ઍવૉર્ડની રકમ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલાકેન્દ્રને નાટ્યપ્રવૃત્તિ કરવા માટે પાછી આપી તે માટે સંસ્થા એમની આભારી છે.)

આદરણીય મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવો અને સામે બેઠેલા કલારસિક મિત્રો, મને આજે ખૂબ આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે વર્ષો બાદ આજે ગુજરાતમાં નાટ્યકલાને સન્માનિત કરાઈ રહી છે. આપણે ત્યાં સાહિત્ય, શિક્ષણ અને સેવાને ક્ષેત્રે ઘણા ચંદ્રકો અને પુરસ્કારો છે, લખાયેલાં નાટકો પણ આમ તો સાહિત્યનો જ હિસ્સો ગણાય છે પરંતુ મારો ખેદ ગણો કે ફરિયાદ, રંગમંચ પર ભજવાતી નાટ્યકલા સુજ્ઞસમાજ તરફથી મળનારા સન્માનમાં લગભગ ઉપેક્ષિત રહેવા પામી છે. આજે મને અનેક સિનિયર કલાકારો સાંભરે છે જેમણે સમગ્ર જીવન રંગભૂમિને જ સમર્પિત કર્યું છતાં આપણો સભ્ય સમાજ તેમનું યોગ્ય ગૌરવ કરવામાં ઊણો ઊતર્યો છે.

એનું મૂળ કારણ એ છે કે આપણે નાટકને એક સ્વતંત્ર કલા તરીકે સ્વીકારી નથી શક્યા. અને એ માટે આપણા કલાકારો તેમજ પ્રેક્ષકો બંનેની સહિયારી જવાબદારી રહી છે. એમાં ખાસ કરીને નાટકને આપણે માત્ર હળવું, ક્યારેક હલકું અને માત્ર મોજમજા કરવાનું કે સામાજિક સ્તરે હળવામળવાનું માધ્યમ માન્યું છે. આપણે સામાન્ય લોકો તો ઠીક પણ લોકસભામાં બેઠેલા આપણા માનવંતા સંસદસભ્યો પણ નાટકસિનેમાના કલાકારો માટે 'ગાને નાચને વાલે' જેવા શબ્દપ્રયોગો કરતાં અચકાતા નથી. પરંતુ માત્ર આ જ એક કારણ નથી. એમ તો આજકાલ કલા-સાહિત્ય ગણાતાં લગભગ તમામ ક્ષેત્રોમાં વધતેઓછે અંશે વ્યાપારીકરણ અથવા 'popularization' પ્રવેશી જ ગયું છે અને તેને લઈને આ ક્ષેત્રોનાં ધોરણો અગાઉની તુલનાએ નીચે પણ ગયાં છે એ હકીકત કોણ નકારી શકશે?

હવે જો નાટકને આપણે મૂળથી કલા જ ગણતા ન હોઈએ તો પછી નાટકને કે નાટકના કલાકારોને સન્માનિત કરવાનો સવાલ જ ક્યાં ઊઠે છે? એટલે જ મેં શરૂઆતમાં કહ્યું મારા નિમિત્તે વાસ્તવમાં વિશ્વકોશે નાટકનો એક કલા તરીકે સ્વીકાર કરીને તેનું સન્માન કર્યું છે અને એ બદલ હું વિશ્વકોશને અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું.

'ખરેખરમાં નાટક કલા છે કે નહીં' એ વિવાદ ઘણાં વર્ષોથી ચાલ્યો આવે છે. આ પ્રશ્ન માત્ર આપણે ત્યાં જ નથી. વિશ્વરંગભૂમિનો ઈતિહાસ તપાસશો તો જાણવા મળશે કે ૧૭મી સદીથી આખાય યુરોપમાં બીજી કલાઓની તુલનામાં નાટકને એક અલગ, સ્વતંત્ર કલા તરીકેનો દરજ્જો આપવો કે નહીં તે બાબતે લાંબા વાદવિવાદો ચાલતા આવ્યા છે. અમેરિકન નાટ્યસમીક્ષક એરિક બેન્ટલી જેવાએ તો આરોપ પણ મૂક્યો છે કે તમામ

કલાઓની સરખામણીએ ('Theatre has always remained as a step-child'.) રંગભૂમિ સાથે સાવકા સંતાન જેવો વ્યવહાર થતો રહ્યો છે અને પરિણામ સ્વરૂપે ઘણાબધા કલા-સમીક્ષકો પણ એ સવાલ ઉઠાવતા થઈ ગયા છે કે 'whether, there could be theatre, as high art at all ?' મૂળમાં રંગભૂમિ ક્યારેય કલાનું ઉચ્ચ સ્વરૂપ બની શકે ખરી ?

તેનું એક કારણ એ સમજાય છે કે નાટ્યકલા અસ્તિત્વમાં આવી એ પહેલાંથી સાહિત્ય, કવિતા, ચિત્ર અને સંગીતની સદીઓ જૂની પરંપરા અસ્તિત્વમાં હતી. એરિક બેન્ટલીના મતે તેનો મોટો પુરાવો એ છે કે દુનિયાએ નાટ્યકારોની તુલનાએ કવિઓ અને વાર્તાકારોને વધારે માનસન્માન સાથે યાદ રાખ્યા છે. બેન્ટલી તો ત્યાં સુધી કહે છે કે સાહિત્ય અને કલાઓના વિશ્વકોશ – એનસાઇક્લોપીડિયા પર નજર નાખશો તો જાણવા મળશે કે વાર્તા અને કવિતાઓની સરખામણીએ નાટકોનું વિવેચન બહુ જ ઓછું નોંધાયું છે. દુનિયા ભલે સોફોક્લીસ, શેક્સપિયર, કાલિદાસ કે ટાગોર જેવા નાટ્યકારોને આદરસહ યાદ કરતી દેખાય, પરંતુ હકીકતમાં તેમને યાદ કરવા પાછળ પણ તેમના 'નાટ્યકાર' હોવા કરતાં તેમનું 'કવિ' હોવું વધારે કારણભૂત રહ્યું છે.

મને નાનપણથી જ ચિત્ર, સંગીત, સાહિત્ય વગેરે તમામ કલાઓમાં રસ હોવા છતાં ફક્ત નાટકની પસંદગી મેં એટલા માટે કરી કે તેમાં મારી ગમતી કલાઓ સમાઈ જાય છે. બીજું મને એ લાગ્યું કે રંગમંચ એ અસરકારક અભિવ્યક્તિ માટેનું સૌથી વધારે પ્રબળ માધ્યમ છે. ટૉલ્સ્ટૉય જેવા મહર્ષિ સર્જકે પણ પોતાના કલા વિશેના એક નિબંધમાં લખ્યું છે કે 'રંગભૂમિના કેન્દ્રમાં હંમેશાં માણસ રહ્યો છે. રંગભૂમિ એ માણસ-માણસ વચ્ચેના સંવાદ કે વાર્તા-વિમર્શ માટે સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.' તમે કલ્પના કરો કે નાટક જો એવું સ્થૂળ મનોરંજનનું સ્વરૂપ હોત તો સાર્ત્ર, કામુ અને બેકેટ જેવા પ્રખર ચિંતકો અને બર્નાર્ડ શૉ અને ગાલ્સવર્ધી જેવા બુદ્ધિમાન લેખકો નાટકો લખવા લલચાત ખરા ? આપણે ત્યાં મુનશી, ઉમાશંકર, દર્શક, પન્નાલાલ કે સુંદરમ્ જેવા લેખકો નાટ્યલેખન કરવા પ્રેરાયા હોત ?

શેક્સપિયરે 'હેમ્લેટ' નાટકના એક સંવાદમાં જણાવ્યું છે કે રંગભૂમિ એ સમાજના ગુણદોષ દેખાડતું વિશિષ્ટ દર્પણ છે. સમાજલક્ષી રંગભૂમિનો પ્રયોગશીલ દિગ્દર્શક ઑગસ્ટો બૉલ ઉમેરે છે કે રંગભૂમિ સમાજને ફક્ત તેના ગુણદોષ જ નથી દેખાડતું પણ દોષનિવારણના માર્ગો પણ ચીંધે છે. બર્ટોલ્ટ બ્રેખ્ત જેવા સામાજિક પરિવર્તન લાવવા ઝંખતા સર્જકના ચિંતનનો તો સાર જ એ હતો કે નાટકનો સમાજ સાથે સીધો સંબંધ રહેલો છે. રંગભૂમિનું એ કર્તવ્ય બને છે કે તે નિષ્પક્ષ રહીને પોતાના સમયકાળના પ્રશ્નો, સમસ્યાઓ કે વ્યથાઓને વાચા આપે.

ચિત્ર, સંગીત, નૃત્ય જેવી સ્વતંત્ર કલાઓની જેમ નાટકને વિશુદ્ધ કલા નહીં ગણનારા લોકોની મુખ્ય દલીલ છે કે નાટક સ્વતંત્ર કે સ્વયંસંપૂર્ણ કલા નથી, નાટક અન્ય કલાઓની મદદ લઈને કરવામાં આવતું સર્જન છે. આમ નાટક એ બધી કલાઓની સંયોજિત કલા છે – 'A combination of all arts'. પરંતુ એના જવાબમાં નાટ્યવિદ જ્હૉન ગાસ્નર

આ તર્ક જોડે અસંમત થતાં કહે છે કે રંગભૂમિ એ ફક્ત વિવિધ કલાઓનું સંયોજન જ નથી. 'It is also the return of art - to life'. રંગમંચ પર ભજવાતાં નાટકમાં સાહિત્ય, સંગીત, નૃત્ય, ચિત્ર વગેરે કલાઓ સાક્ષાત્ જીવનનું સ્વરૂપ ધારણ કરીને આવે છે. રંગમંચ પર આ વિવિધ કલાઓનું માણસનાં જિવાતાં જીવન જોડે અનુસંધાન રચાય છે. એમાંથી જ પેલું વિધાન પ્રચલિત બન્યું છે કે 'Life itself is a wonderful art !'

અભિનય કલાકારને કે પ્રેક્ષકને કેવી પ્રગાઢ અસર કરે છે તે સંદર્ભે એક ઉદાહરણ આપું. 'Zorba the Greek' નામના નાટકમાં એન્થની ક્વીનને ઝોર્બાના પાત્ર તરીકે એક જગ્યાએ બોલવાનું હતું કે 'My son is dead'. 'મારો પુત્ર મૃત્યુ પામ્યો છે.' હવે વાસ્તવિક જીવનમાં ક્વીનનો પુત્ર સાચેસાચ મૃત્યુ પામેલો. શૂટિંગ દરમિયાન ક્વીને દિગ્દર્શકને કહ્યું કે 'આજે એ ઘટનાને ચાલીસ વર્ષ થવા આવ્યાં. મેં કદીય મારા પુત્રના મૃત્યુ પામ્યાની વાત જાહેરમાં કરી નથી. હું 'મૃત્યુ' શબ્દને મારા પુત્ર સાથે જોડી જ શકું તેમ નથી. ક્વીને તેના દિગ્દર્શકને આ સંવાદ કાપી નાખવાનું સૂચન કરી જોયું. દિગ્દર્શકે તીવ્ર પ્રતિક્રિયા આપતાં કહ્યું કે 'એ સંવાદ કાપી શી રીતે શકાય ? એ જ તો એ પાત્રને સમજવા માટેની મુખ્ય કડી છે. હું જાણું છું કે એમ બોલવું તારે માટે અત્યંત પીડાદાયી છે પણ તારા પાત્રને સમજવાનો પ્રયાસ કર. ઝોર્બાને પણ તારી જેમ જ તેનો દીકરો ખૂબ વહાલો હતો. એની વ્યથામાં જ તે પોતાનું કુટુંબ અને ગામને છોડીને આવેલો છે. તેની આ વ્યથાને પ્રગટ કરવા માટે પણ તારે એ સંવાદ બોલવો જ પડે.' ત્યાર બાદ સંમત થયેલો ક્વીન લખે છે કે 'ચાલીસ વર્ષથી ક્યારેય મેં કોઈને મારો પુત્ર મૃત્યુ પામ્યાની વાત કરી નથી પણ હવે પ્રત્યેક પ્રયોગે મારે સેંકડો પ્રેક્ષકો સમક્ષ બે વાર ઉચ્ચારવું પડે છે કે મારો પુત્ર મૃત્યુ પામ્યો છે.' એન્થની ક્વીનને સમજાઈ ગયું કે 'Zorba and I are very much alike'.

તમે વિચારો કે આ લાગણી કે કરુણતા માત્ર ક્વીન કે ઝોર્બાની જ નથી. અભિનેતાના મુખેથી આ સંવાદ સાંભળતી વખતે નાટ્યગૃહમાં બેઠેલા પ્રેક્ષકોમાંથી પણ કેટલાય પિતાઓની આંખો ભીની થઈ ગઈ હશે !

ઈલિયા કઝાને તેની આત્મકથામાં લખ્યું છે કે વિશ્વની તમામ કલાઓમાં રંગભૂમિ સૌથી મહાન કલા છે. અહીં નટ પ્રેક્ષકોને આનંદ આપવા પોતાના એકદમ અંગત ખાનગી કહી શકાય એવા જીવનને સેંકડો હજારો પ્રેક્ષકો સમક્ષ ઉઘાડું કરે છે. એ જ્યારે કોઈ એક પાત્ર ભજવે છે ત્યારે એ પાત્ર દ્વારા તે પોતાના જ જીવનમાં બની ગયેલાં વિરહ, વિયોગ, વિચ્છેદ, સ્વજનનું મૃત્યુ, દુઃખદ મતભેદ વગેરેને અભિનયમાં ઉતારે છે. સામે પ્રેક્ષકો પણ રંગમંચ પર પ્રદર્શિત થતી આ લાગણીઓને પોતાના અંગત જીવન સાથે જોડતા ચાલે છે. નાટ્યગૃહના અંધકારમાં, એકબીજાથી સાવ અજાણ્યા, અડી અડીને બેઠેલા પ્રેક્ષકો, રંગમંચ પરથી પ્રદર્શિત થઈ રહેલી લાગણીઓ, ભાવનાઓ કે વિચારોને એકી સાથે અને ક્યારેક લગભગ સમાન સ્તરે સંવેદે છે. અને એ જ ક્ષણોએ પ્રેક્ષકોને ખરી પ્રતીતિ થાય છે કે 'what it is to be a human being' – માણસ હોવું એટલે શું ?' (ક્રમશઃ)

– ભરત દવે

તું ભણ્યો ખરો, પણ જિંદગી જીવતાં શીખ્યો નથી

પ્રેમ કરતાં શિખવાડે એવી કોઈ પાઠશાળા નથી. સંવેદના સજીવન કરે એવી કોઈ સ્કૂલ નથી. આત્મીયતાને ઉજાગર કરે એવી કોઈ યુનિવર્સિટી નથી. ઈમોશન્સને જીવતા રાખે એવી કોઈ ઇન્સ્ટિટ્યૂટ નથી. કરુણાનો કોઈ સિલેબસ નથી. તરવરતા રાખે એવી કોઈ ટેક્નૉલૉજી નથી. 'એપ'થી અણઆવડતનો 'ગેપ' પુરાતો નથી. 'આઝાદ' થવાથી 'મુક્ત' થઈ જવાતું નથી. અભ્યાસ આપણને પાણીની સમજ આપી શકે, તરસ તો અનુભવે જ સમજાય. સ્પર્શ એટલે અડકવું એવો અર્થ થાય, પણ દિલના સ્પર્શમાં કંઈ અડકવાનું હોતું નથી, માત્ર અનુભવવાનું હોય છે. ભણવા માટે સ્કૂલ કે કૉલેજ હોય છે, પણ જીવતાં તો જિંદગી જ શીખવે છે. તમને જીવતાં આવડે છે ? તો તમે ખરા અર્થમાં ભણેલા છો. ડિગ્રી એજ્યુકેટેડ બનાવે, કલ્ચર્ડ નહીં !

અભણ કરતાં ભણેલા લોકો વધુ આપઘાત કરે છે. અતિ શિક્ષિત લોકો કેમ ડિપ્રેશનમાં સરી જાય છે ? એ તો વધુ ભણેલા છે, એને તો ડિપ્રેશનનાં બધાં જ સિમ્પટમ્સ અને કારણોની ખબર છે, છતાં કેમ અંધકાર તરફ ધકેલાઈ જાય છે ? છૂટાછેડા લેનારામાં મોટાભાગના 'ભણેલા' હોય છે. એને કેમ પ્રેમ, લાગણી કે દામ્પત્ય સમજાતાં નથી ? દિલાવરી માટે ધનવાન હોવું જરૂરી નથી. દિલાવરી માટે દિલની જરૂર હોય છે, દોલતની નહીં. દાન માટે 'ભાન'ની જરૂર હોય છે, ધનવાનની નહીં. દયા માટે 'માયા' નહીં, માયાળુ જિગર હોવું જોઈએ. શિક્ષણ માણસને વાસ્તવવાદીને બદલે અહંકારી કેમ બનાવી દે છે ? તમે કેવા માણસ છો એ ડિગ્રીથી નહીં, પણ વાત, વર્તન અને વ્યવહારથી નક્કી થતું હોય છે. ભણેલાઓની વસ્તી વધતી જાય છે અને જિંદગી જીવતાં આવડતું હોય એવા લોકોની સંખ્યા ઘટતી જાય છે !

સંસ્કાર એટલે શું ? સંસ્કારની વ્યાખ્યા કેવી હોય ? માણસને સહજ, સરળ, સાત્ત્વિક અને સંવેદનશીલ બનાવે એ સંસ્કાર. દરેક માણસને ક્યારેક તો કંઈક ખોટું કરવાનું મન થઈ જ આવતું હોય છે. ક્યારેક તો એને એવું થતું જ હોય છે કે સારા રહેવાનો કોઈ મતલબ નથી. દુનિયા આખી લુચ્ચી છે. બધા જ લોકો સ્વાર્થનાં સગાં છે. હું શા માટે સારો રહું ? સારા રહીને મને શું મળ્યું ? બધા ખોટું કરીને જ આગળ આવે છે. સાચા માણસોનો જમાનો જ નથી. આવા વિચારો બધાને ક્યારેક તો આવ્યા જ હોય છે, આમ છતાં સારો માણસ કંઈક ખોટું કરવાનું આવે ત્યારે એ કામ કરતો નથી. એ વિચારે છે, મારાથી આવું ન થાય. મને આવું ન શોભે. આવા વિચારો ક્યાંથી આવે છે ? ખોટું કરતા આપણને કોઈ રોકતું હોય છે ? જે રોકે છે એ સંસ્કાર હોય છે, એ સમજ હોય છે અને એ જ્ઞાન હોય છે.

માણસ કેવો છે એ સુખમાં ખબર નથી પડતી, પણ દુઃખમાં વર્તાઈ આવતું હોય છે. ટકી કેવી રીતે રહેવું એ નિષ્ફળતા જ શીખવે, સફળતા નહીં. લડી કેવી રીતે લેવું એ સત્ય જ શિખવાડે, અસત્ય નહીં. જિંદગી કેવી રીતે જીવવી એ આપત્તિ જ શિખવાડે, એજ્યુકેશન નહીં. એક માણસ સાધુ પાસે ગયો. તેણે સાધુને સવાલ કર્યો. સમજણ કે જ્ઞાન ક્યારે કામ લાગે ? સાધુએ સુંદર જવાબ આપ્યો. સમજણ એ દીવા જેવું છે. દિવસે તમે દીવો પ્રગટાવો તો એનું અજવાળું બહુ દેખાય નહીં. દીવો તો અંધકારમાં જ સોળે કળાએ પ્રકાશે. જ્ઞાન બધું સમુંસૂતરું હોય ત્યારે દેખાતું નથી, પણ જ્યારે અંધારું હોય, ક્યાંય ધ્યાન પડતું ન હોય, કોઈ દિશા સૂઝતી ન હોય ત્યારે જે દીવાની જેમ ઉજાસ ફેલાવે એ જ્ઞાન છે, એ સમજ છે, એ આવડત છે. તમે સમજુ છો તો તમે અંધકારમાં અટવાઈ નહીં જાવ. તમે 'ગણેલા' હશો તો મુશ્કેલીમાં ગભરાઈ નહીં જાવ.

શિક્ષણ આપણને એ શિખવાડે છે કે શું કરવું. સંસ્કાર આપણને એ સમજાવે છે કે શું ન કરવું. શિક્ષણ આપણને રોટલો કમાતાં શીખવે છે, સંસ્કાર કોળિયાને મીઠો કરતાં શીખવે છે. દવા માણસને સાજો કરે છે. સ્નેહ માણસને સજીવન કરે છે. દવા ખાઈ લેવી એ એક વાત છે અને કોઈ યાદ કરીને અને ચિંતા કરીને દવા ખવડાવે એ જુદી વાત છે. સ્નેહથી થયેલી સારવાર વધુ અને વહેલી કારગત નીવડે છે, એ સાબિત થયેલી વાત છે. ચાલતાં તો બધાને આવડતું હોય છે, પણ કોઈનો હાથ હાથમાં હોય તો ચાલવાનો ભાર લાગતો નથી. એક દંપતીની આ વાત છે. મૉલમાં જાય ત્યારે ઍસ્કેલેટરમાં જવાની વાત આવે. પતિ દર વખતે એસ્કેલેટરમાં જવાનું કહે. પત્ની ચોખ્ખી ના પાડે. તે હંમેશાં એવું કહે કે, પગથિયાં ચડીને જવું છે. એક વખત પતિથી પુછાઈ ગયું. તું કેમ દર વખતે ઍસ્કેલેટરમાં જવાની ના કહી દે છે ? પત્નીએ સાચું કારણ કહી દીધું. તું પગથિયાં ચડતી વખતે મારો હાથ પકડે છે એ મને ગમે છે. આડુંઅવળું પગથિયું હોય તો તું કહે છે, જોજે હોં. મારા પગ ઉપર તારી નજર હોય છે કે ક્યાંક હું ઠોકર ખાઈ ન જાઉં. ક્યારેક લથડું તો તું મને બંને હાથથી સંભાળી લે છે, પગથિયાં ચડતી વખતે તારો પ્રેમ મને ચોખ્ખો દેખાય છે, એ એસ્કેલેટરમાં ન દેખાય એટલે હું ના પાડું છું.

જીવન સાથીની પસંદગી વખતે તમે ડિગ્રી જુઓ છો કે ડિસન્સી ? એક ડૉક્ટર-દંપતીની આ વાત છે. બંનેએ લવમૅરેજ કર્યાં હતાં. બંનેનું નાનકડું ક્લિનિક હતું. ડૉક્ટરના એક મિત્રએ મોટી હૉસ્પિટલ બનાવી. એનું ઉદ્‌ઘાટન હતું. બંને એ ઉદ્‌ઘાટનમાં ગયાં. ઉદ્‌ઘાટન પ્રવચનમાં જેણે મોટી હૉસ્પિટલ બનાવી હતી તેના વિશે એવું કહેવાય છે કે, એ બેસ્ટ ડૉક્ટર છે. કાર્યક્રમ પતાવીને પતિ-પત્ની ઘરે ગયાં. રાતે પતિએ પત્નીને કહ્યું કે, હું બેસ્ટ ડૉક્ટર નથી. આ વાત સાંભળીને પત્નીએ કહ્યું કે હા, કદાચ તું બેસ્ટ ડૉક્ટર નથી, પણ તું ધ બેસ્ટ સાથીદાર છે. તું બેસ્ટ ડૉક્ટર નથી, પણ સારો ડૉક્ટર તો છે જ. સારો ડૉક્ટર એટલા માટે છે, કારણ કે તું સારો માણસ છે. એ બેસ્ટ ડૉક્ટર છે, મોટી હૉસ્પિટલ બનાવી છે, ખૂબ રૂપિયા કમાય છે, પણ તેં એ જોયું છે કે એ કેવું જીવે છે ?

એના કોઈ સંબંધ સશક્ત છે ? તારી સરખામણી એની સાથે ન કર. તું ઉમદા છે. તું ઉદાર છે. તું દિલદાર છે. સૌથી મોટી વાત એ છે કે તું સહજ અને સરળ છે. તે શ્રેષ્ઠ ડૉક્ટર છે, તું ઉત્કૃષ્ટ માણસ છે. એ ધનવાન છે અને તું મૂલ્યવાન છે.

ભણેલાને સમજુ માની લેવો એ મોટી ભૂલ છે. ઘણા લોકો એવા હોય છે જે પોતાના કામમાં સારા હોય છે, પણ એના સિવાય એને બીજી કંઈ ખબર ન પડતી હોય એવું પણ બની શકે છે. એક વિદ્વાને કહેલી આ વાત છે. સારી રીતે જિંદગી જીવવામાં ભણતર માત્ર ૨૦ ટકા જ કામ કરે છે. બાકીના ૮૦ ટકામાં આપણી સમજ, આપણી આવડત અને આપણા સંસ્કાર હોય છે. આપણે આપણી જિંદગીની મોટાભાગની શક્તિ ભણતર પાછળ ખર્ચીએ છીએ. માતા-પિતા પણ તેમની પચાસ ટકા શક્તિ, સમય અને સંપત્તિ સંતાનોના અભ્યાસ પાછળ ખર્ચે છે. ૨૦ ટકા માટે આપણે કેટલું બધું કરીએ છીએ ? કરવું જોઈએ. કરીએ એમાં કંઈ વાંધો નથી. તકલીફ એ વાતની છે કે બાકીના ૮૦ ટકા માટે આપણે કંઈ વિચારતા નથી. વિચારીએ તો પણ બહુ ઓછું વિચારીએ છીએ.

કામ, નોકરી, સિદ્ધિ કે સફળતા માટે આપણે જેટલા જાગૃત હોઈએ છીએ એટલા આપણે આપણા સંબંધો, આપણી લાગણી, આપણી સંવેદના અને ખુદ આપણા માટે સજાગ હોઈએ છીએ ખરા ? તમને તમારા પ્રેમને જાળવતાં આવડે છે ? તો તમે હોશિયાર છો ! તમને તમારા પ્રેમી, પતિ કે પત્નીને સાચવતાં આવડે છે ? તો તમે સમજુ છો. તમને તમારા લોકોની વેદના સ્પર્શે છે ? તો તમે સંવેદનશીલ છો. આપણી હંમેશાં એક ફરિયાદ હોય છે કે મને કોઈ સમજતું નથી. આ ફરિયાદ કરો એ પહેલાં માત્ર એટલું વિચારો કે તમે કોને કેટલા સમજો છો ?

એક માતા-પિતાએ દીકરીનાં લગ્ન માટે એક મુરતિયો પસંદ કર્યો. દીકરી અને એ છોકરો મળ્યાં. ઘરે આવીને દીકરીએ કહ્યું કે, મારે એની સાથે લગ્ન કરવા નથી. પિતાએ કહ્યું, એ તો આટલો બધો શિક્ષિત છે. દીકરીએ કહ્યું હા, તમારી વાત સાચી છે, એ ખૂબ ભણેલો છે. હું એને મળી, તેની સાથે વાતો કરી. જિંદગી વિશે, સુખ વિશે, શાંતિ વિશે અને પ્રેમ વિશે એનામાં કોઈ સમજ જ નથી. મેં તો એને બહુ સલૂકાઈથી કહ્યું કે, તું ભણ્યો ખરો, પણ જિંદગી જીવતાં શીખ્યો નથી. ડિગ્રીથી નોકરી મળે છે, જિંદગી નહીં. એ તો આપણે જ શીખવી પડે. અભ્યાસ તો એક તબક્કે પૂરો પણ થઈ જાય છે, જીવતાં શીખવાનું તો છેલ્લા શ્વાસ સુધી ચાલતું રહે છે. જિંદગી તો આપણને રોજ કંઈક ને કંઈક નવું શીખવતી રહે છે. જિંદગી આપણને દરરોજ દરેક ક્ષણ જીવવાનું કહેતી રહે છે. અભ્યાસ થોડો ઓછો હશે, માર્ક્સ થોડા ઓછા આવ્યા હશે તો ચાલશે, પણ જિંદગી જીવતાં આવડતું હોય તો તમે સુખી અને સફળ જ છો. સારી રીતે જીવતાં અને જિંદગીની દરેક ક્ષણ માણતાં આવડે એ જ શીખવાનું હોય છે. એ આવડતું હોય તો પૂરતું છે. ખેર ! મને કહો કે, તમને જિંદગી જીવતાં આવડે છે ને ?

— કૃષ્ણકાંત ઉનડકટ

ઘોર અંધકારમાં એક તેજલિસોટો

કોઈનો ખરબચડો ને જરાક ભારે પણ સ્નેહાળ સ્પર્શ આપણા બરડા પર અનુભવવો એ પણ જીવનની એક મહામૂલી યાદગીરી છે.

કૉલકાતાના સાહિત્યપ્રેમી ગુજરાતીઓના આમંત્રણથી એક વાર અમે કેટલીક લેખિકાઓ ત્યાં ગઈ હતી. વિધિસરની સભાઓ તો થઈ જ, પણ ત્યાર બાદ અમને થોડુંક ફેરવવામાં આવ્યાં તે વખતે આજે જેઓ સંત ટેરેસા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યાં છે તે મધર ટેરેસાને મળવાનું સદ્‌ભાગ્ય પણ અમને સાંપડેલું. એ જમાનામાં મને લખવાનું જોર ઘણું એટલે લગભગ બધાં જ આમંત્રણો સ્વીકારતી અને મોટે ભાગે ટૂંકી વાર્તાઓની માગણી થતી. એ પ્રવાહમાં મેં એક એવી વાર્તા લખી હતી જેમાં વગર જોઈતા બાળકની સમસ્યાનો પ્રશ્ન કેન્દ્રસ્થાને હતો.

કોઈ બહેને એ વાર્તા વિશે વાત ઉપાડી એટલે મધર જિજ્ઞાસાપૂર્વક સાંભળવા બેઠાં હતાં પણ અધવચ્ચે કંઈક કામ આવ્યું એટલે એમને ઊઠવું પડ્યું. મેં માન્યું કે આ વાત હવે પતી ગઈ પણ એ તો થોડી વારમાં પાછાં આવ્યાં અને તપાસ કરી – ક્યાં કઈ પેલી રાઈટર ?

મને ઘણો ક્ષોભ થયો પણ હાજર તો થવું જ પડ્યું. એ બોલ્યાં, 'તું સાચેસાચ કહે, તેં શું આ પ્રશ્નના ઉકેલ તરીકે ગર્ભપાતને પસંદ કર્યો હતો ?'

'ના રે ના! મારી હીરોઇને તો કુટુંબ તથા સમાજ – બધાનો સામનો કરીને બાળકને એકલે હાથે ઉછેર્યું હતું.' મેં કહ્યું.

'બહુ જ સરસ!' કહીને એમણે ઉષ્માપૂર્વક એમનો હાથ મારી પીઠ પર ફેરવ્યો અને તરત મારો હાથ ઝાલીને કહ્યું, 'ચાલ મારી સાથે.'

પછી વીસેક મિનિટ લગી મારો હાથ પકડીને મધર છ સાત ખંડોમાં ફર્યાં. સાથે વાગ્ધારા તો અસ્ખલિત વહેતી જ રહી. પણ મારા હૃદયને સ્પર્શી ગઈ એ વાત, કે હજુ બોલવાયે ન શીખેલાં નાનકડાં ભૂલકાં મધરને જોઈને સ્મિત કરતાં અને એમને સ્પર્શ કરવા મથતાં.'

'આ બધાં તમને કેટલું ચાહે છે !' મેં કહ્યું. એ જરા વાર ગંભીર થઈ ગયાં પછી મારી આંખોમાં આંખ પરોવીને બોલ્યાં, 'કારણ કે હું એમને ચાહું છું.'

ત્યાર પછી એમણે મારી સાથે ઘણી વાતો કરી, એટલા પ્રેમથી અને આત્મીયતાથી કરી કે મેં પણ આવું બોલાય કે ન બોલાય એનો વિચાર કર્યા વગર મનની વાત કહી નાખી, 'પણ મધર, આખરે તો તમે આ બધાં બાળકોને ખ્રિસ્તી બનાવવાના હેતુથી જ લાવ્યાં ને !' બે પળ એ સ્થિર થઈ ગયાં. એમના ચહેરા પર વેદનાની રેખાઓ અંકાઈ ગઈ. પછી એમણે શાંતિથી કહ્યું, 'તું એમને લઈ જા. પ્રેમથી ઉછેર અને તારા ધર્મના બનાવ - મને જરાયે વાંધો નથી.'

હું નીચું જોઈ ગઈ. કશુંયે બોલવાના શબ્દો જ ક્યાં હતા મારી પાસે ? પણ મધર એટલે મધર ! એમણે તરત આ પ્રસંગ ભૂંસી નાખીને અત્યંત સ્નેહાળ સ્મિત કરીને ફરી વાર મારો હાથ પકડીને ચાલવા માંડ્યું અને બોલતાં ગયાં – તું તો રાઈટર છે. તને તો સમજ પડવી જ જોઈએ ને કે એમને આમ રસ્તામાં રઝળતાં ના રહેવા દેવાય ? આ તને બતાવ્યું. પછી એ મને એક ઓરડામાં લઈ ગયાં અને કોઈ મદદનીશને બોલાવીને મને આંકડા દેખાડ્યા કે કેટલાં બાળકો ત્યાંથી દત્તક લેવાયાં હતાં અને એ નવાં માબાપ કયા કયા ધર્મનાં હતાં.



મધર ટેરેસા

'મને માફ કરો મધર.' મેં કહ્યું. એમણે સસ્મિત જવાબ આપ્યો – 'ના, તને માફ નહીં કરું, તને પ્રેમ કરીશ.' અને એક કાર્ડ પર એમના સ્નેહસંદેશ સાથે હસ્તાક્ષર કરી આપ્યા.

૧૯૫૦માં જેમણે ભારતનું નાગરિકત્વ સ્વીકાર્યું હતું તે મધર ટેરેસા મૂળ યુગોસ્વાવિયાનાં. ખેડૂત કુટુંબની આ કન્યાએ રોમન કૅથલિક સંપ્રદાયની સાધ્વી બનીને ૧૯૨૮માં કૉલકાતા શહેરમાં પદાર્પણ કર્યું અને 'ડૉટર્સ ઑફ સૅન્ટ એન' નામના સંઘમાં જોડાયા પછી જનસેવાનું ઉત્તમોત્તમ કાર્ય કર્યું. કૉલકાતાના તેમના નિર્મલા શિશુભવનમાં અનેક બાળકોને નવી જિંદગી આપી. અસાધ્ય રોગોથી પીડાતા માણસો તથા મરણાન્ત વ્યક્તિઓ માટેનાં સેવાકેન્દ્રો ચલાવ્યાં.

મધર ટેરેસાને નોબેલ-પુરસ્કાર મળ્યો હતો તથા ભારત સરકાર તરફથી 'ભારતરત્ન'નો અત્યંત પ્રતિષ્ઠિત ઍવૉર્ડ પણ મળ્યો હતો. બીજાં તો અનેક સન્માનો તેમને મળ્યાં છે. પણ સર્વશ્રેષ્ઠ બીના તો એ છે કે તેમના અવસાન બાદ તેમને સેન્ટની પદવી મળી. ખ્રિસ્તી ધર્મમાં આથી વિશેષ ગૌરવ કોઈ પણ પદનું નથી.

એક સંપૂર્ણપણે સેવારત મહિલા જેમણે ભારતને પોતાનું પહેલું કાર્યક્ષેત્ર બનાવ્યું હતું તેમનો એક સંત તરીકેનો સ્વીકાર થયો એ ઘટના માત્ર ખ્રિસ્તીઓ માટે નહીં, તમામ ભારતવાસીઓ માટે કેવી ઉમંગની વાત છે ! આવો લોકોત્તર વિભૂતિનો પ્રેમાળ સ્પર્શ ભલે ને થોડી ક્ષણો માટે પણ અનુભવવા મળ્યો એને હું ખરેખર ઈશ્વરના આશીર્વાદ જ માનું છું. સાચે જ, વિચારમાં પડી જવાય છે કે આવા લોકો શું આપણા જેવા જ જન્મ્યા હશે કે કોઈ જુદી કોટિમાં ?

નરસૈંયો વૈષ્ણવનાં લક્ષણો વર્ણવતાં ગાય છે 'પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે !'

જરાક કંઈ સત્કૃત્ય ભૂલેચૂકે આપણે હાથે થઈ ગયું હોય તો ફુલાઈને ફાળકો બની જનાર આપણે સૌ આવી વ્યક્તિઓ પણ જન્મે છે, જીવે છે અને ઘોર અંધકારમાં એક તેજનો લિસોટો મૂકી જાય છે એ વાત માની શકીશું ? સ્વીકારી શકીશું ?

– ધીરુબહેન પટેલ

ભક્તકવિ ઇસરદાસજીની કાળજયી રચના

સંત સાહિત્યનો દબદબો મધ્યયુગથી શરૂ કરીને આજ સુધી અકબંધ રહેલો છે તેમ કહી શકાય. નરસિંહ કે મીરાં, કબીર કે તુલસીનાં નામો લોકજીભે તથા લોકહૈયે સ્થાન પામેલાં છે. અનેક પ્રકારનાં બાહ્ય કે આંતરિક સાંસ્કૃતિક આક્રમણો સામે સંત સાહિત્યના વાહકોએ સમાજનાં હીર તથા ખમીરને જીવંત તથા ધબકતાં રાખેલાં છે. સંત સાહિત્યની રચનાઓમાં કેટલાક ચારણ કવિઓની રચના સુવિખ્યાત થયેલી છે. ચારણી સાહિત્યની આ કાળની રચનાઓમાં ભક્તકવિ ઈસરદાસજીરચિત 'હરિરસ' ગ્રંથનો સમાવેશ થાય છે. ભક્તકવિ ઈસરદાસજીએ રાજસ્થાનના - ભાદરેસ ગામમાં જન્મ લઈને ગુજરાતમાં દ્વારકાધીશને રીઝવ્યા હતા.

સંત ઈસરદાસજીની અનેક રચનાઓ છે. પરમ તત્ત્વ સાથેના અનુસંધાન તથા અપાર શ્રદ્ધાના કારણે સંતકવિની વાણી બળકટ બનેલી છે. ભાવનગર રાજ્યના વિદ્વાન દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ ૧૯૨૮માં શંકરદાનજી દેથાએ સંપાદિત કરેલ 'હરિરસ' ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું હતું કે ઈસરદાસજીનું મુખ્ય લક્ષણ તેમની શ્રદ્ધા છે. આવી શ્રદ્ધા જેનામાં હોય તેઓ ઈસરદાસજીને વધારે સારી રીતે સમજી શકશે. ભક્તકવિ ઈસરદાસજીની અનેક ઉત્તમ રચનાઓમાં હરિરસ તેમજ દેવિયાણનો સમાવેશ થાય છે. જગતનિયંતાની મોટાઈને વંદન કરતાં કવિ લખે છે કે ઈશ્વર કૃપા હોય તો જ ખરા અર્થમાં માનવીને મોટાઈ પ્રાપ્ત થાય છે.

સાંયા તુજ બડો ધણી, તુજસો બડો ન કોઈ
તું જેના શિર હથ્થ દે, સો જગમે બડ હોય.

સંત સાહિત્યમાં નામસ્મરણનો મોટો મહિમા છે. તુલસીદાસજીએ પણ દરેક કાળમાં નામસ્મરણના સાધનને જ જીવનમાં પ્રાધાન્ય આપવા કહેલું છે. ઈસરદાસજીએ પણ નામ-સ્મરણના મહિમાનો બુલંદ પડઘો પોતાની વાણીમાં ઝીલ્યો છે.

હરિ હરિ કર પરહર અવર, હરિ રૌ નામ રતન્ન !
પાંચો પાંડવ તારિયા, કર દાગિયો કરન્ન.

નામસ્મરણમાં અતૂટ શ્રદ્ધાના બળે પાંડવપુત્રો અનેક વિપત્તિઓમાં પણ નખશિખ સલામત રહી શકયા. શબરીએ સમગ્ર જીવન નામસ્મરણની અને દર્શનની અખૂટ શ્રદ્ધાના બળે પસાર કર્યું. ગઈ સદીના વિશ્વમાનવ ગાંધીએ જીવનની અંતિમ કસોટીની ક્ષણે પણ નામસ્મરણ કરીને પરલોકમાં પ્રયાણ કર્યું. આથી ઈસરદાસજીએ પણ 'હરિરસ' ગ્રંથમાં લખ્યું :

નામ સમોવડ કો નજિ જપ તપ તીરથ જોગ,
નામે પાતક છૂટશે, નામે નાસે રોગ.

જ્યાં જાગે ત્યાં રામ જપ સૂતા રામ સંભાર
ઉઠત બૈઠત આતમા ચાલંતા રામ ચિતાર.

હરિરસનો જ્ઞાનવૈભવ પરમ પવિત્ર ગ્રંથ શ્રીમદ્‌ભાગવત જોડાજોડ મૂકી શકાય તેવો છે. ભક્તકવિ ઈસરદાસજીના અધ્યાત્મ-ઉન્નતિ અર્થે થયેલા જીવન-પ્રવાસમાંથી લોકહિતાર્થે હરિરસની રચના થઈ છે. પરમતત્ત્વની ઉપાસનાનું આવું સચોટ નિરૂપણ ભાગ્યે જ જોવા મળે તેવું છે. ઈસરદાસજીના સુપ્રસિદ્ધ ગ્રંથો હરિરસ તથા દેવીયાંણની સરાહના રાજ્યકવિ શ્રી શંકરદાનજી દેથાએ સુંદર તથા અર્થસભર શબ્દોમાં કરી છે.

વાંચો શ્રીમદ્ ભાગવત
મોટો ગ્રંથ મહાન
કે આ હરિરસ નીત પઢો
શુભ ફળદાયી સમાન
વાંચો દુર્ગા સપ્ત શતી,
યા વાંચો દેવીયાંણ
શ્રોતા-પાઠીકો પરમ
સુખપ્રદ ઉભય સમાન.

ભક્તકવિએ વિચારયુક્ત સલાહ તથા ચેતવણી સૌને આપી છે. જે ગતિથી જીવન વ્યતીત થતું રહે છે તેમાં હરિસ્મરણ થતું નથી તેનું પુનઃ સ્મરણ ભક્તકવિ કરાવે છે. વીજળીના ચમકારે મોતી પરોવવાની પાનબાઈની લાગણીનું પણ અહીં દર્શન થાય છે. ઈસરદાસજીએ લખ્યું છેઃ

અવધ નિર તન અંજળી, ટપકત શ્વાસ ઉશ્વાસ
હરિ ભજ્યા વિણ જાત હૈ, અવસર ઈસરદાસ.

મહાત્મા ઈસરદાસજીએ હરિરસ ઉપરાંત વિપુલ સાહિત્યનું સર્જન તેમના જીવનકાળ દરમિયાન કર્યું. તેમનું સાહિત્ય ગુજરાત તથા રાજસ્થાનની સહિયારી સંપત્તિ છે. મધ્યકાલીન યુગમાં જ્ઞાન, વૈરાગ્ય અને સંસ્કારના ફેલાવા માટે વિવિધ પ્રદેશોમાં થયેલા ઈસરદાસજી જેવા સંત-ભક્તોએ ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે. લોકો સમજી શકે તેવી સરળ ભાષા અને શૈલીમાં તેમણે સચોટ ઉદાહરણો સાથે વેદો અને ઉપનિષદોમાં પ્રબોધેલું જ્ઞાન લોકો સુધી પહોંચતું કર્યું. મેઘાણીભાઈના મત મુજબ આપણા આ સંતકવિઓ, ભક્તકવિઓએ શ્લોક તથા લોક વચ્ચેનું અસરકારક અનુસંધાન કરેલું છે. રામાયણ કે મહાભારત જેવા આપણા મૂલ્યવાન ગ્રંથોમાં ગ્રંથસ્થ થયેલી વાતો તેમજ તેનું વિચારતત્ત્વ આપણા સંતકવિઓના માધ્યમને કારણે જ મુખ્યત્વે લોક સુધી પહોંચ્યું. આ બધા ભક્તકવિઓએ સંસારમાં રહીને તથા લોકો વચ્ચે ઊજળું જીવન જીવીને સહજ રીતે તથા સરળ ભાષામાં જ્ઞાનનો પ્રવાહ લોક સુધી પહોંચાડ્યો. સંતકવિઓનું સમાજને આ સૌથી મોટું તથા મહત્ત્વનું પ્રદાન છે. 'હરિરસ' ના પાઠ આજે પણ ઘણાં ઘરોમાં નિયમિત રીતે થાય છે. 'હરિરસ'ની ગ્રંથયાત્રાનો પણ એક પ્રયાસ થોડાં વર્ષો પહેલાં થયો હતો જેને વ્યાપક લોકપ્રતિસાદ મળ્યો હતો. 'હરિરસ' એ સંત ઈસરદાસજીનું અમર સર્જન છે.

— વી. એસ. ગઢવી

સાંપ્રત

રેતીનું રાજકારણ

રેતી સંસ્કૃત ભાષાનો શબ્દ 'રેતજા' ઉપરથી બન્યો છે. રેતી કાંકરા કરતાં નાની અને કાંપના કણ કરતાં મોટી હોય છે. આ રેતીના કણનો વ્યાસ આશરે ૨ mm થી ૦.૨ mm જેટલો હોય છે, પરંતુ ઉત્તમ પ્રકારની રેતીના કણનો વ્યાસ ૦.૨ mm થી ૦.૦૨ mm જેટલો હોય છે.

વર્તમાન સમયમાં રેતીનો મહત્તમ ઉપયોગ બાંધકામ-વ્યવસાયના ઉદ્યોગમાં થતો જોવા મળે છે. રેતીનો જથ્થો રણપ્રદેશો, સમુદ્રકિનારા અને નદીનાં ક્ષેત્રોમાં રહેલો છે. બાંધકામ-વ્યવસાયના ઉદ્યોગમાં ફક્ત નદીક્ષેત્રોની રેતીનો મહત્તમ ઉપયોગ થાય છે. આ બાંધકામ-વ્યવસાયના ઉદ્યોગમાં રેતીની માંગને અનુલક્ષીને Ministry of Mines (MOM) ના ૨૦૧૭–૧૮ના સર્વે મુજબ ૧૪ રાજ્યોએ મહત્તમ રેતીનું ખનન કર્યું હતું, જેમાં પંજાબ, ઉત્તરાખંડ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, અસમ અને તેલંગણાનો સમાવેશ થાય છે. સમગ્ર ભારતમાં રેતીની માંગ અને પુરવઠા વચ્ચેના તફાવતનો ગાળો ઊભો થયો છે. પરિણામે ગેરકાયદેસર રેતીનું ખનનકાર્ય થતું રહ્યું છે.

ભારતમાં રેતીની ખનનપ્રવૃત્તિ સાથે કેન્દ્રના Ministry of Mining (MOM), National Green Tribunal (NGT), Ministry of Environment, Forest and Climate Change (MOEFCC) તેમજ રાજ્યોના કેટલાક વિભાગો પણ સંકળાયેલા છે, ઉપરોક્ત વિભાગોની માન્યતા મળે તો જ રેતીનું ખનનકાર્ય થઈ શકે. પરિણામે આંતરરાષ્ટ્રીય ગુનેગારોના જૂથે (Mafia) આ રેતીના વ્યવસાયમાં પગપેસારો કર્યો છે. સરકારે ટન દીઠ રેતીનો ભાવ ૧૦૫૦ રૂપિયા ઠરાવેલ છે. જ્યારે રેતીની અછતને ધ્યાનમાં રાખીને આ માફિયાઓ દ્વારા ૪૦૦૦ રૂપિયા કે તેથી વધુ લેવામાં આવે છે. દક્ષિણ ભારતનાં કેટલાંક રાજ્યો કે જ્યાં રેતીની ખાધ પ્રવર્તે છે તે રાજ્યોએ ૨૦૧૪થી વિદેશથી રેતીની આયાત કરવા માટેની પરવાનગી મેળવી હતી, જેમાં તમિળનાડુ 'MRM Ramaiya' કંપની સૌપ્રથમ હતી. આ સિવાય કર્ણાટકની 'Mysore Sales International' કંપનીએ પણ રેતીની આયાત કરી હતી. ભારતમાં રેતીની આયાત મલેશિયા અને કમ્બોડિયા દેશોમાંથી થઈ હતી. આ આયાતી રેતી ક્રિશ્નપટ્ટનમ પૉર્ટ (કર્ણાટક), કોચીન પૉર્ટ (કેરળ) અને વી.ઓ. ચિદમ્બરનાર પૉર્ટ (તમિળનાડુ) ખાતે ઉતારવામાં આવી હતી. ૨૦૧૪માં કમ્બોડિયાથી આયાતી રણની રેતીનો જથ્થો ૮૦,૦૦૦ ટન હતો, જ્યારે ૨૦૧૭માં મલેશિયાની નદીની રેતીનો આયાતી જથ્થો ૧,૫૪,૦૦૦ ટન હતો. તમિળનાડુની MRM Ramaiya Enterprises કંપની કે જેણે રેતીની મહત્તમ આયાત કરી હતી. આ આયાતી રેતીના સંદર્ભમાં તમિળનાડુ સરકાર અને કંપની વચ્ચે અદાલતી કાર્યવાહી ચાલી રહી છે.

આ રેતીની માંગને પહોંચી વળવા તેમજ માફિયાઓના પ્રભુત્વને નાથવા આધુનિક તક્નીકનો ઉપયોગ કરવો જોઈએ. ભારતમાં e-permits આપવાની પદ્ધતિનો ઉપયોગ ફક્ત ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ અને તમિળનાડુ રાજ્યો કરે છે, જેથી ગેરકાયદેસર રેતીની ખનનપ્રવૃત્તિ ઉપર અંશતઃ કાબૂ મૂકી શકાય.

નદીના પટમાં અમર્યાદિત ખનનપ્રવૃત્તિને કારણે નદીની સમગ્ર પરિસ્થિતિને માઠી અસર પહોંચે છે. નદીના મુખપ્રદેશો અને નદીકિનારાની જીવસૃષ્ટિ નાશ પામે છે. નદી-કિનારા અવિરત ધોવાતા જાય છે, નદીઓની ભૂગર્ભજળ સપાટી વધુ ઊંડે ઊતરતી જાય છે. આવી વિપરીત પરિસ્થિતિને લક્ષમાં રાખીને રેતીની નિકાસ કરનારા કમ્બોડિયા, મલેશિયા અને વિયેટનામ જેવા દેશોએ ખનનપ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. ભારતે પણ નદીમાં થતી રેતીની ખનનપ્રવૃત્તિને અટકાવવા કાયદાકીય દૃષ્ટિએ વિચારવું જરૂરી બન્યું છે.

ભારતમાં બાંધકામ-વ્યવસાયના ઉદ્યોગને ટકાવવા તેમજ રેતીની અવેજીમાં અન્ય સામગ્રીનો ઉપયોગ કરવા માટે પ્રયત્નો શરૂ કર્યા છે, જેમ કે તૂટી ગયેલ કે તોડવામાં આવેલ બાંધકામનો કચરો/પૂરણી Construction and Demolition Waste (C&D Waste)નો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. ભારતમાં દર વર્ષે આશરે ૨૫૦થી ૩૦૦ લાખ ટન કચરો-પૂરણી નીકળે છે; આના ૨૫થી ૩૦ ટકા કચરાનો ઉપયોગ 'Paving Blocks' બનાવવામાં આવે તો રેતીનો વપરાશ ઘટી જાય. Ministry of urban Development વિભાગે ૨૦૧૨માં આ Paving Blocks બનાવીને ૧૦ લાખ કરતાં ઓછી વસ્તી ધરાવતાં શહેરોમાં તેનો ઉપયોગ શરૂ કર્યો છે. આ પ્રકારના Paving Blocks બનાવવાના ત્રણ એકમો કાર્યરત છે, જેમાં બે દિલ્હી અને એક અમદાવાદમાં આવેલા છે. આ સિવાય કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગણામાં પણ ઊભા થઈ રહ્યા છે. સિંગાપોરમાં રેતી મળવી મુશ્કેલ હોવાથી ૯૫ ટકા જેટલા C&D Waste નો ઉપયોગ બ્લૉક્સ બનાવવા માટે થાય છે. યુ.કે.માં પણ ૨૦૧૪થી આ Paving Blocksનો ઉપયોગ થઈ રહ્યો છે.

ભારતમાં રેતીની અવેજીમાં ખડકોને કચરીને M-Sand બનાવવાનો પ્રારંભ થયો છે. આ પ્રકારના M-Sand બનાવવાના એકમોની સંખ્યા ૧૭૮ છે, જેમાંથી ૧૬૪ તો ફક્ત કર્ણાટક રાજ્યમાં આવેલા છે. આજે આ એકમો દર વર્ષે ૩૨૦ લાખ ટન જેટલું ઉત્પાદન મેળવે છે જે આર્થિક રીતે સસ્તું અને વ્યવહારુ છે. આ સિવાય કોલસાની ખાણોમાંની નીકળતી રેતીનો ઉપયોગ પણ બાંધકામ-વ્યવસાયના ઉદ્યોગમાં કરવાનું વિચારવામાં આવ્યું છે, જેથી રેતીની માંગ ઘટાડી શકાય અને માફિયાઓનું વર્ચસ્વ દૂર કરી શકાય.

આમ રેતીના રાજકારણને દૂર કરવા અને નદીની પારિસ્થિતિકીને બચાવવા માટે નવા ઉપાયો શોધવા જરૂરી બન્યા છે.

– નીતિન કોઠારી

ઓળખ અમદાવાદની

વૈભવ વચ્ચે લહેરાતી આધ્યાત્મિકતા

અર્વાચીન અમદાવાદના આદ્યવિધાયક રણછોડલાલ છોટાલાલના ચિનુભાઈ બૅરોનેટ પૌત્ર હતા. તેમના જેવા જ પ્રથિતયશ કુશળ, બાહોશ, વિદ્યાપ્રેમ તથા સંસ્કારમાં તેમને આંબી જાય તેવા સર ચિનુભાઈ બૅરોનેટ હતા. ચિનુભાઈ અમદાવાદની અસ્મિતાના વાહક, ધારક અને એક ઉત્તુંગ શિખર સમા હતા. ભદ્ર - પ્રેમાભાઈ હૉલ સામે ટચૂકડા બાગમાં તેમની ટચૂકડી આરસની પ્રતિમા છે. તેમની પ્રતિમા અને પ્રતિભાનો આજની અમદાવાદની પ્રજાને સ્હેજે ખ્યાલ છે કે કેમ તે વિશે શંકા છે. ગાંધીજીએ એમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

કૉલેજકાળમાં તેમણે અંગ્રેજી ભાષા, ઇતિહાસ તેમજ સંસ્કૃત સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. સંસ્કૃત સાહિત્ય અને વેદાંત માટે તેમને ખૂબ જ પક્ષપાત હતો. સંસ્કૃતની ઉત્તમ કૃતિઓનું તેઓ અધ્યયન કરતા રહેતા. મહાકવિ કાલિદાસની કૃતિઓ તેમજ ભટ્ટીકાવ્યો તો તેમને કંઠસ્થ હતાં. સંસ્કૃત સાહિત્ય, ન્યાય અને દર્શનના એ ઊંડા અભ્યાસી. પંડિતો સાથે સંસ્કૃતમાં જ વિચારવિમર્શ કરતા.

બનારસમાં પંડિતોની સભામાં તેમણે સંસ્કૃત ભાષામાં જ સંબોધન કર્યું હતું. તેમના કંઠમાંથી શ્લોકોનું ગુંજન સાંભળવું તે પણ એક લહાવો હતો. તેમનો આ સાહિત્યપ્રેમ જીવનભર જળવાઈ રહ્યો. સંશોધનો માટે તેમણે વિદ્વાનોને ઘણી આર્થિક સહાય આપી હતી. તેમને હિંદુ ધર્મ માટે ખૂબ પક્ષપાત હતો. તેઓ કહેતા : 'હું હિન્દુ ધર્મનો રખેવાળ છું. હિંદુ ધર્મ જગતના બધા ધર્મો કરતાં સૌથી વધારે સહિષ્ણુ છે.'

ચિનુભાઈ ૩૪ વર્ષના હતા ત્યારે તેમને માથે ધંધાની અને પરિવારની સઘળી જવાબદારી આવી પડી. તેઓ આધુનિક વિચારસરણીવાળા અને નવી ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરનારા હતા. ચિનુભાઈએ પોતાની મિલોની મૅનેજમેન્ટમાં આધુનિક વલણ અપનાવ્યું હતું. ખ્યાતનામ અંગ્રેજ ટેક્નોક્રેટ્સ જહોલ ટેલર, જે. હારગ્રેવ્ઝ, વિલિયમ્સન અને બ્લેકબર્ન જેવા નિષ્ણાતોને તેમણે રાખ્યા હતા. મૅનેજરોને મોટા પગારો આપી તેમને યોગ્ય જવાબદારી સોંપીને ખુશ રાખતા. તેના પર તેઓ ચાંપતી નજર પણ રાખતા. ચિનુભાઈના સમયમાં 'પ્રોફેશનલ મૅનેજમેન્ટ' જેવું કાંઈ ન હતું, પરંતુ પોતાની બુદ્ધિશક્તિ અને કોઠાસૂઝથી તેમણે વ્યવસ્થાપનમાં નવો ચીલો પાડ્યો હતો.

ઈ. સ. ૧૮૯૧માં તેમના દાદાએ સ્થાપેલા 'અમદાવાદ મિલ ઓનર્સ ઍસોસિયેશન'ના ૧૯૧૨થી '૧૬ સુધી પ્રમુખ હતા. તેના પ્રતિનિધિ તરીકે તેમને મુંબઈ ધારાસભામાં પણ સ્થાન મળ્યું હતું. ચિનુભાઈ બૅરોનેટ જાહેરજીવનમાં ઘણો ભાગ લેતા. શહેરના કોઈ પણ મહત્ત્વના કાર્યક્રમમાં તેમની હાજરી અવશ્ય જણાતી. ઈ. સ. ૧૯૧૩થી

૧૯૧૫ દરમિયાન તેઓ 'બોમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલ'ના સભ્ય હતા. તેમની પ્રામાણિકતા, દૂરંદેશી અને ઉદ્યોગજગતમાં તેમની શાખને ધ્યાનમાં લઈને અમદાવાદ મિલમાલિક મંડળે તેમને મુંબઈની ધારાસભામાં મંડળના પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા.

ચિનુભાઈએ સારી એવી સંપત્તિ પ્રાપ્ત કરી હતી. એવી સંપત્તિનું ઉપાર્જન કરનાર તો ઘણા હશે પરંતુ તેમણે ઉદારતાથી જે સખાવતો કરી છે તે નોંધપાત્ર છે. હિંદના શ્રીમંતોમાં તેમની ગણના થતી હતી. તે સમયમાં તેમણે ૬૦ લાખ રૂપિયાનું દાન કર્યું હતું, જેનાથી પ્રભાવિત થઈને સરકારે તેમને ૧૯૧૩માં 'બૅરોનેટ' ઇલકાબ આપ્યો હતો.


ચિનુભાઈ બૅરોનેટ

સાદાઈ અને નમ્રતા કોઈ પણ સારસ્વતને શોભે તેવાં. અમદાવાદી પાઘડી, લાંબો કોટ, ધોતિયું અથવા પાટલૂન, બહારગામ જાય ત્યારે હંગેરિયન ટોપી માથે રાખતા. મુસાફરીએ જાય ત્યારે આ મહાશયને સ્ટેશન પરના નળ નીચે સ્નાન કરવામાં કોઈ સંકોચ નહિ. સંપત્તિનું કે દરજ્જાનું તેમને કોઈ ગુમાન નહોતું. અંબાજી માતામાં તેમની અટલ શ્રદ્ધા હતી. ત્યાં દર્શને જાય તો છેક ખરેડીથી ચાલતા જતા. અંબામાને સોનાની પાઘડી, સોનાના થાળા અને સાડીઓની તેમણે અવારનવાર આ ભક્તિભાવને કારણે ભેટ ધરી હતી. માતાજીમાં શ્રદ્ધા એવી કે ભદ્રકાળી અને અન્યત્ર તે ગરબા, કીર્તનો કરાવે.

અમદાવાદ મ્યુનિસિપાલિટીનું પ્રમુખપદ પણ તેમણે સંભાળ્યું હતું. પિતામહનો વારસો અમદાવાદ શહેરને માટે સમુજ્વલ કર્યો. મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે કેટકેટલી યોજનાઓનું આયોજન કરીને અમલી બનાવી. શહેરના આજના વિશાળ વૉટર વર્ક્સનાં પગરણ તેમણે માંડ્યાં. જૂની કંટાળાજનક ઑક્ટ્રૉય પદ્ધતિ નાબૂદ કરી ટર્મિનલ ટૅક્સ દાખલ કરાવ્યો. શહેરના કોટની આસપાસનો ચક્રાકાર રસ્તો તેમણે બંધાવ્યો. પોતાના વ્યાપાર-ઉદ્યોગ ઉપરાંત ચિનુભાઈએ અમદાવાદ શહેરની સુખાકારી માટે અમૂલ્ય સેવા કરી હતી.

તેમણે બાંધેલી ભવ્ય શાંતિસદન ઇમારત એક સ્મરણશ્રેષ્ઠ બનવાની હતી, પરંતુ કોઈ ને કોઈ કારણસર આ મહાનુભાવ નેપથ્યમાં રહ્યા. અમદાવાદને માથે કોઈ અભિશાપ તો નથી ને ? એક ઘેઘૂર વડલા જેવા ચિનુભાઈ, ટાગોરે જેને મહાનુભાવ કહ્યા હતા તેમના જીવનમાં વૈભવ વચ્ચે લહેરાતો આધ્યાત્મિકતાનો આનંદ જોવા મળતો હતો.

– રજની વ્યાસ

વૃદ્ધાવસ્થા એ સમૃદ્ધાવસ્થા !

दन्तेरुच्चलितं धिया तरलितं पादऽग्रिणा कम्पितं
दुग्भ्यां कुऽमलितं बलेन गलितं रुपश्रिया शोषितम् ।
प्राप्तयां यमभूपतेरिह महाघाट्यां धरायामियं
तृष्णा केवलमेकिकैव सुरभि धीरा पुरो नृत्यति ॥

દાંત ચાલવા લાગ્યા, બુદ્ધિ ભમવા લાગી, હાથ-પગ કંપવા લાગ્યા, બંને આંખો બિડાવા લાગી, બળ ગળવા લાગ્યું, રૂપની શોભા દૂર ચાલી ગઈ. (આ રીતે) આ પૃથ્વી પર યમરાજની મોટી ધાડ આવી છે (છતાં) આ તૃષ્ણા એક ધૈર્યવાળી યોદ્ધા છે કે જે આગળ આગળ નાચી રહી છે.

ઉપરોક્ત શ્લોકમાં, કેન્દ્રમાં તૃષ્ણા છે. આ તૃષ્ણા જ મનુષ્યને નાચ નચાવે છે. વૃદ્ધાવસ્થામાં દાંત, બુદ્ધિ, હાથ-પગ, આંખો, બળ, રૂપ સર્વ કાંઈ ક્ષીણ થવા લાગે છે. ઉપરથી યમરાજ પણ ધાડ લઈને આવે છે. છતાંય તૃષ્ણા કે મોહવશ મનુષ્ય તેના અજ્ઞાનના કારણે પોતે તો દુઃખી થાય છે અન્યને પણ દુઃખી કરે છે.

વૃદ્ધાવસ્થામાં પણ સુખ-શાંતિથી, કષ્ટ પામ્યા વિના રહી શકાય છે. આ માટે અભિગમ બદલવાની જરૂર હોય છે. જીવન પ્રતિક્ષણ પરિવર્તન પામતું રહે છે. તમે એક ને એક જળમાં ફરીને પગ બોળી શકતા નથી. જીવન સતત વહેતી નદી જેવું છે. જે મનુષ્ય આ વાતનો સ્વીકાર કરે છે, તે વૃદ્ધાવસ્થાને પણ હસતા મોંએ સ્વીકારી લે છે. સ્વીકારમાં જ સુખ છે. મનુષ્યના જીવનની મુખ્યત્વે ત્રણ અવસ્થાઓ છે : શૈશવ, યૌવન અને વાર્ધક્ય. શૈશવ ઊડાઊડ કરતાં પતંગિયાંઓની જેમ ક્યારે ઊડી ગયું તેની ખબરેય ના રહી. ધસમસતું યૌવન પણ છેવટે ચાલ્યું ગયું અને હવે આવ્યું વાર્ધક્ય. વૃદ્ધાવસ્થા શબ્દને છૂટો પાડીએ તો વૃદ્ધ + અવસ્થા. જે અવસ્થામાં વૃદ્ધ થવાનું છે તેવી અવસ્થા એવો અર્થ લઈએ તો આપણને તેનું સાચું અને ઉચિત મહત્ત્વ સમજાય. વૃદ્ધ એટલે વૃદ્ધિ પામવું. એક એવી અવસ્થા જેમાં મનુષ્યને વૃદ્ધિ પામવાનો પૂરો અવકાશ મળે છે અને વૃદ્ધિ પામેલો મનુષ્ય જ સમૃદ્ધિ પામે છે. જે વૃદ્ધ છે તે સમૃદ્ધ છે. આથી વૃદ્ધાવસ્થા એ તો સમૃદ્ધાવસ્થા છે. તો પછી શા માટે અકિંચન અને અસહાય થઈ ગયા હોઈએ એમ માનવાનું ?

દાંત ચાલ્યા ગયા છે તો એ સંદેશ છે કે હવે સાત્ત્વિક આહાર લો. આખી જિંદગી ખૂબ સ્વાદિષ્ટ ભોજન લીધું. જોકે તીખાં-તળેલાં ભોજનને જ સ્વાદિષ્ટ માનવું એ એક ભ્રમ છે. જેનાથી સ્વાસ્થ્ય બગડે છે તેવો આહાર ત્યજવામાં જ હિત છે. દાંત નથી તો બોખા મુખનું સ્મિત જ સાચુકલું હોય છે. નાના બાળક સમું. જાણે પરમ પિતા હસી રહ્યો હોય ! જિંદગીભર અન્યોને ખુશ કરવા ખોટેખોટું, કૃત્રિમ હાસ્ય કરી દુઃખી થયેલા ચહેરાના

સ્નાયુને હવે વિરામ મળશે. બુદ્ધિ કે સ્મૃતિ દોષ દઈ રહી છે. તો બુદ્ધિનું કોને કામ છે ? હવે તો હૃદયથી જ કામ લેવાનું. પ્રભુના દરબારમાં વાયા હૃદય જ જવાય છે. બુદ્ધિથી કદાચ કોઈને માત કરી શકાય છે પણ પામી તો હૃદયથી જ શકાય છે. એટલે હવે જ પામવાની વેળા આવી છે તો શા માટે જીવનને પામવાથી વંચિત રહેવું ?

જિંદગીના રસને પીવામાં કરો જલદી મરીઝ,
એક તો ઓછી મદિરા છે, ને ગળતું જામ છે.

ક્ષણેક્ષણને ભરપૂર જીવી લેવાનું નામ જ વૃદ્ધાવસ્થા છે. તો જ એ સમૃદ્ધાવસ્થા કહેવાશે. પંખીઓના કલરવને આજ સુધી નહોતા સાંભળી શક્યા તો એને હવે સાંભળો. ફૂલોનાં સૌંદર્યને નીરખો. રાત્રે ઊંઘ નથી આવતી તો તારાઓની ગુફ્તેગુને સાંભળો. એ વિશાળ આકાશને તમારી અંદર ઊતરવા દો. દિવસનો કોલાહલ હવે ખરી પડ્યો છે. આમ પણ પરોઢની મુલાયમતા તો પેલા ઝાકળના જેવી ક્ષણભંગુર છે. પછી તો ક્રમશઃ તાપ જ વધતો રહેવાનો છે. તાપ, ધૂળ, ડમરી, કોલાહલ, અતિવ્યસ્તતા – આ બધાંથી ઘેરાયેલો, ત્રસ્ત થઈ ગયેલો માનવી અંતે તો રાત્રિને જ ઝંખે છે – તો લો આવી ગઈ રાત્રિ. જેના ખોળે માથું મૂકી નિશ્ચિંત થઈ જવાય છે. જ્યાં વિરામ મળે છે તે રાત્રિરૂપી વૃદ્ધાવસ્થા. રાત્રિ તેના પાલવમાં મનુષ્યબળને ઢબૂરે છે, થપથપાવે છે. વૃદ્ધ-વડીલ તેના વાત્સલ્યમાં નાનેરાને ઢબૂરે તો ઉભય પક્ષને વિરામ અને આનંદ પ્રાપ્ત થાય. રાત્રિનું સૌંદર્ય અનોખું જ હોય છે. કેટલી શાંતિ અને નીરવતા હોય છે ! તેનું સંગીત હૃદયને આહ્‌લાદિત કરી દે છે. શું વૃદ્ધાવસ્થાને આ રીતે ન જોઈ શકાય ?

ઉમાશંકર જોશીએ કહ્યું છે તેમ વૃદ્ધાવસ્થા એટલે જાતને મળવાની અવસ્થા. જિંદગીભર જરૂરી, બિનજરૂરી સંબંધો અને પ્રવૃત્તિઓમાં ભેરવાઈ ગયેલો મનુષ્ય હવે તેની નાગચૂડમાંથી મુક્ત થાય છે ‘સ્વ’ સાથે સંવાદ થાય છે. પોતાની જાત પાસે બેસવાથી મળતો આનંદ અવર્ણનીય હોય છે. વૃદ્ધાવસ્થા મનુષ્યને પોતાની જાત સાથે મેળવી આપે છે.

સફેદ વાળ એ તો જીવનનું રજત છે. જે તમારે સહુમાં વેરી દેવાનું છે. વૃદ્ધાવસ્થા એ રાત્રિ છે. તો આ શ્વેત વાળ એ તો ચાંદનીમાં નાહ્યા છે. આ ચાંદની તમારે બધે પાથરવાની છે. હા, બળાપો નહીં શીતળતા. અનેક અનુભવોની પોટલી ખોલી નાખો. ઝળહળતાં નક્ષત્રો જેવા અનુભવો લૂંટાવી દો. માર્ગ ભૂલેલા પથિકને તમારો ઉજાસ કેડી ચીંધશે.

જામતી જતી આ રાત્રિને યમુનાના કાંઠે સાંભળો તો - મોહનની મોરલીને ! દોડ ગોપી દોડ – રાસ રમવાનો સાદ પાડી રહે છે એ ! બહુ ભાગ્યશાળી છે તું ! સ્વાગત કર, ઓવારણાં લે. જો એ પીતાંબરી ઉજાસ છે. બાળી નાખ તારા અભરખાને. આ રાસ તો એવો છે જે વૃદ્ધાવસ્થામાં રમાય છે. આવ, પ્રવેશ તું આ વૃદ્ધાવસ્થામાં. તને મોરપીંછ પંપાળે છે. છે ને તેનો સ્પર્શ સુંવાળો, મુલાયમ !

– ડૉ. કાલિન્દી પરીખ

સંશોધન

ગુરુ ગ્રહનાં તથ્યોમાં પરિવર્તન

ખગોળવિજ્ઞાનીઓ બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલવા માટે સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. અંતરિક્ષ વિશે જાણવાની જિજ્ઞાસા માનવીને કાયમ રહેતી હોય છે. આકાશમાં દેખાતા સૂર્ય-ચંદ્ર અને તારાઓને તે રોજ નિહાળે છે. આધુનિક વિજ્ઞાને બ્રહ્માંડના અને સૂર્યમંડળના ગ્રહો વિશે જાણકારી આપવામાં ક્યારેય પાછી પાની કરી નથી. સૂર્યમંડળના ગ્રહોમાં ગુરુનો ગ્રહ સૌથી વિશાળ હોવા ઉપરાંત તેની ફરતે અનેક ઉપગ્રહો પણ ફરે છે.

ગુરુના ગ્રહ વિશે માહિતી મેળવવા માટે મોકલવામાં આવેલા જૂનો અંતરિક્ષયાન (Juno Spacecraft) દ્વારા ગુરુની સપાટી ઉપર થતા ફેરફારો વિશે ઝીણામાં ઝીણી વિગત પાપ્ત થઈ શકી છે. ગુરુના ગ્રહ ઉપર જે વાવઝોડાં ફૂંકાયાં કરે છે, તેની વિગત પણ મળી છે. ગુરુના અભેદ વાતાવરણ વિશે જાણી શકાયું છે, તેમ જ તેના ઉત્તર અને દક્ષિણ ધ્રુવ ઉપર ઊઠતાં રાક્ષસી કદનાં વાયુમય તોફાનો અંગેનાં ભૌગોલિક કારણો પણ જાણી શકાયાં છે.

જોકે આ તો હજી પાશેરામાં પહેલી પૂણી જેવી શરૂઆત છે એમ કહી શકાય. તેમજ જે તસવીરો મળી છે, એને પણ વિજ્ઞાનીઓ મહત્ત્વની ગણી રહ્યા છે. છેલ્લાં બે વરસથી જૂનો અંતરિક્ષયાન ગુરુની પ્રદક્ષિણા કરી રહ્યું છે. ચોક્કસ રીતે કહીએ તો, ૪ જુલાઈ, ૨૦૧૬થી ગુરુના ગ્રહ ફરતે ફરતું આ યાન દર ૫૩ દિવસે ગુરુના ગ્રહ ફરતે પોતાની પ્રદક્ષિણા પૂરી કરે છે. આ યાન ગુરુનાં વાદળોની ઉપર ૪૦૦૦ કિલોમીટરની ઊંચાઈએ ફરી રહ્યું છે. તેની પ્રદક્ષિણાના માર્ગમાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશને આવરી લે છે.

જ્યારે અંતરિક્ષયાન ગુરુના ગુરુત્વાકર્ષણબળની અસર અનુભવે છે; ત્યારે તેના વેગમાં નજીવો ઘટાડો થાય છે. ફરી તે પોતાની મૂળ ગતિ પ્રાપ્ત કરી લે છે. યાનની ગતિમાં થતા આ નજીવા ફેરફારને આધારે વિજ્ઞાનીઓ ગુરુના ગુરુત્વાકર્ષણબળના ફેરફારો વિશે ગણતરી કરી શકે છે. ઉપરાંત એ વિસ્તારમાં આવેલાં પર્વતો અને ખાઈ વિશે પણ જાણીને ત્યાં રહેલા વાતાવરણના ગાઢ કે આછા જથ્થા વિશે પણ જાણી શક્યા છે.

આ સઘળાં પરિણામોને આધારે સંશોધન કરનારા વિજ્ઞાનીઓએ ગુરુ ગ્રહની અંદરની વાદળોની નીચેની સપાટીના નકશા તૈયાર કર્યા છે. ઉપરાંત યાન દ્વારા દૃશ્ય અને પારરક્ત પ્રકાશ ફેંકીને લેવાયેલી તસવીરો પણ મોકલી છે. જૂનો યાન દ્વારા પ્રથમ વખત મળેલી આ તસવીરોને આધારે ત્યાંના ઉત્તર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશ વિશે ઘણી માહિતી મેળવી શકાઈ છે.

ગુરુ ગ્રહની અન્ય મોટા ગ્રહો સાથે સરખામણી કરીએ ત્યારે આ પરિણામો બહુ રોમાંચક લાગે છે. શનિ અને ગુરુ પરસ્પર સરખાપણું દર્શાવતા હોય એમ લાગે છે.

હવે ગુરુના ગ્રહ વિશે જે નવાં તારણો મળ્યાં છે; એના ઉપરથી ગુરુની વિશેષતાઓ પણ જાણી શકાય છે. એના ઉપર નજર કરીએ.

૧. ચક્રવાતનો ઘેરાવો : ગુરુના ઉત્તર અને દક્ષિણ ધ્રુવ ઉપર ઊઠતા વંટોળિયાનો ફેલાવો હજારો કિલોમીટર સુધીનો હોય છે. દરેક ચક્રવાત અનેક સરખા કદનાં વર્તુળોમાં વહેંચાયેલો જોવા મળે છે. જૂનો યાન દ્વારા એ પણ જાણવા મળ્યું કે તેની પ્રદક્ષિણા દરમિયાન ઉત્તરમાં આઠ અને દક્ષિણમાં પાંચ ચક્રવાત જોવા મળ્યા. કેટલાક વિજ્ઞાનીઓ આ વાતને કુદરતના સામાન્ય ક્રમ તરીકે પણ જોઈ રહ્યા છે.

૨. વધારે નજીકથી : ખગોળશાસ્ત્રીઓએ એ પણ ચર્ચા કરી હતી કે ગુરુ પર ગાઢ વાદળો હોય છે, તો આ યાને કેટલા નીચેના વિસ્તાર સુધીની તસવીરો મોકલી છે. માત્ર વાદળો સુધીની તસવીર મોકલી હોય તો કોઈ નક્કર તારણ પર આવી શકાય નહીં. જૂનોએ મોકલેલી નવી તસવીરો વાદળોના ઉપરના છેડાથી માંડીને નીચેના ૩૦૦૦ કિલોમીટર સુધીના વિસ્તારની છે. ગુરુના ગ્રહનું વાતાવરણ પૃથ્વીના ગ્રહ ઉપરના વાતાવરણ કરતાં ત્રીસ ગણું ગાઢું છે. અત્યાર સુધી માનવામાં આવતું હતું એના કરતાં ગુરુની સપાટી વધારે નીચે છે. આથી ગુરુના ગ્રહના વ્યાસની નવી ગણતરીમાં પણ ફરક પડી શકે છે.

૩. ગાઢું વાતાવરણ : ગુરુના ૩૦૦૦ કિલોમીટરના વાતાવરણની વાત કરીએ ત્યારે આ વાતાવરણ કેવું તોફાની બની શકે છે એ પણ મહત્ત્વનું છે. પૃથ્વીના વાતાવરણ કરતાં આ વાતાવરણનું વજન ત્રણ ગણું છે. વિજ્ઞાનીઓના અંદાજ મુજબ ગુરુના ગ્રહના કુલ વજનમાં એક ટકા વજન એના વાતાવરણનું છે.

૪. એકમેકના થઈને ફરીએ : ગુરુના વાતાવરણની નીચે સપાટી પ્રવાહી સ્થિતિમાં છે. આમ છતાં ગ્રહ ઘન અવસ્થામાં હોય એમ પરિભ્રમણ કરે છે. નાનાં બાળકો એકબીજાનો હાથ પકડીને ફેરફુદરડી ફરે તેમ હાઇડ્રોજન અને હિલિયમના પરમાણુઓ એકબીજા સાથે જોડાવા માટે ગ્રહની આસપાસ સતત ફરતા રહે છે.

જૂનોએ અગાઉ મોકલેલા અહેવાલ ઉપરથી એ પણ જાણી શકાયું હતું કે ગુરુની સપાટી પ્રવાહી હોવાથી જો કોઈ એના ઉપર ઊતરવા જાય તો તે ઊંડે સુધી ઊતરી જાય.

બ્રહ્માંડનાં રહસ્યોનો તાગ સહેલાઈથી પામી શકાતો નથી. જૂનોએ મોકલેલા પુરાવાઓ પણ પ્રાથમિક અવસ્થાના ગણવામાં આવે છે. માત્ર એકાદ બે વિસ્તાર ઉપરથી આખા ગ્રહ વિશે અનુમાન કરવાને હજી વાર છે. આમ છતાં અત્યારે મળેલાં પરિણામોએ ગુરુ વિશેની માન્યતામાં થોડો ફેરફાર જરૂર કર્યો છે.

– કિશોર પંડ્યા


વાચકમિત્રોને

છેલ્લાં વીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. □

'મોલ ભરેલું ખેતર'

'મોલ ભરેલું ખેતર' એ કવિ રાવજી પટેલનું મણિલાલ હ. પટેલે આલેખેલું લલિત નિબંધની સોડમ આપતું જીવનચરિત્ર છે. અહીં રાવજીના સ્થૂળ જીવનની વિગતો સાથે એની સર્જકછબી ચરિત્રકારે બરાબર ઉજાગર કરી છે. વહી જતી નદીના જળ જેવું મણિલાલ હ. પટેલનું ગદ્ય ભાવકને ભાવવિભોર કરી દે છે. જેમ ચિત્રકાર માટે miniature - લઘુચિત્ર અઘરું છે તેમ ચરિત્રકાર માટે લાઘવપૂર્ણ ચરિત્રાલેખન પડકાર રૂપ છે, પરંતુ રાવજીના જીવનને રસપૂર્ણ જાણનાર અને એના સર્જન સાથે એકતાર થનાર ચરિત્રકાર અહીં ખાસ્સા સફળ થયા છે અને એમણે રાવજીનું મનભર ચરિત્ર આપ્યું છે. માત્ર આઠ પ્રકરણમાં અને સાઠ પૃષ્ઠમાં રાવજીના વ્યક્તિત્વનાં બધાં પાસાંને આવરીને ચરિત્રની પૂર્ણ છબી આપવાનો ચરિત્રકારે સ્તુત્ય પ્રયત્ન કર્યો છે.

'સૌનો વ્હાલો રાવજી' એ પ્રથમ પ્રકરણમાં કૃષિકાર રાવજીનું સંવેદન અને એણે સર્જનમાં પ્રયોજેલી ભાષા કેવું નૂતન ભાવવિશ્વ સર્જે છે તેની વાત કરીને એના સર્જનને ચરિત્રકાર 'ચમત્કાર' ગણાવે છે. રાવજીના સર્જન સંદર્ભે મણિલાલ હ. પટેલનું કથન છે : 'આવાં સર્જન માટે જે તે ઘર-ગામ-પાદર-સીમ-વગડોય છાનાંમાનાં મદદ કરતાં હશે એમ માનવાનું મન થાય છે.' (પૃ. ૫) બીજું પ્રકરણ રાવજીના ઘરકુટુંબ અંગેનું છે. ઘર સાથે ગામ વલ્લવપુરા અને રાવજીનો પોતાના ગામ સાથેનો બંધ-અનુબંધ ત્રીજા પ્રકરણમાં નિરૂપાયો છે. રાવજીના શિક્ષણ અને એના જીવનસંઘર્ષનું વાસ્તવિક ચિત્ર મણિલાલ હ. પટેલે ચોથા પ્રકરણમાં આલેખ્યું છે. રાવજી સાથે એનું દર્દ આજીવન જોડાયેલું રહ્યું હતું – શારીરિક અને માનસિક પણ. ચરિત્રકારે 'સરહદો ઓળંગી જતું દર્દ' પ્રકરણમાં રાવજીએ દર્દ સંગાથે શબ્દ સાથે જે યોગ સાધ્યો તેનો રસમય ચિતાર આપ્યો છે.



એક કાવ્યમાં 'ગમતું નથી' કહેતાં રાવજીના મનપ્રદેશને ચરિત્રકાર ઉઘાડી આપે છે. હૉસ્પિટલમાં સારવાર લેતા રાવજીને મળવા આવનાર મિત્રો-સાહિત્યકારોના સંદર્ભો આ ચરિત્રમાં છે તો એને મદદ કરનાર મિત્રોની વાત કરવાનું ચરિત્રકાર ભૂલતા નથી. ક્ષયરોગથી ગ્રસ્ત રાવજીએ લખેલી રચનાઓના ઉલ્લેખો આપીને એની સર્જક છબી પ્રસ્તુત કરી છે. મણિલાલ હ. પટેલને રાવજી 'પારદર્શક' જણાયો છે. અમદાવાદમાં અભ્યાસ, નોકરી અને લગ્ન પછી પાલડી રહેતા રાવજીના


જીવનની નાની ઘટનાઓ ગૂંથીને ચરિત્રકારે ચરિત્રને વાચનક્ષમ બનાવ્યું છે. 'મોલ ભરેલું ખેતર' પ્રકરણમાં વધતી જતી રાવજીની શારીરિક પીડાઓ વર્ણવી છે. અહીં એની રચના 'આભાસી મૃત્યુનું ગીત' – નો સંદર્ભ આપીને ચરિત્રકારે રાવજીના તૂટતા જતા જીવનલયને નિર્દેશ્યો છે. છેલ્લા પ્રકરણમાં રાવજીના સર્જનનું મૂલ્યાંકન કર્યું છે. રાવજીની જાણીતી રચનાઓનો મણિલાલ હ. પટેલે એની જીવનગાથાને આલેખવામાં સાર્થ વિનિયોગ કર્યો છે. વળી ચાર પરિશિષ્ટમાં એના જીવન-સર્જનને પામવા માટે ઉપકારક રચનાઓ આપી છે. અહીં એના પત્રો આમેજ કરીને એની મનોગત વાત છતી કરી છે. રાવજીના વ્યક્તિત્વને માણવા-જાણવામાં એ આધાર બને છે. સુગ્રથિત આ ચરિત્રમાં મણિલાલ હ. પટેલ બરાબર ખીલ્યા છે. કોઈ દીર્ઘ લલિત નિબંધ વાંચતા હોવાની પ્રતીતિ થાય છે.

['મોલ ભરેલું ખેતર', લે. : મણિલાલ હ. પટેલ, પ્ર.આ. ૨૦૧૮, પૃ. ૧૨૦, કિં. ૧૧૦/- રૂ., પ્રકા. : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ]

માટી જાયાનું ચરિત્ર

રંગદર્શી મિજાજ વ્યક્ત કરતું 'બોલ વાલમના' ગીતના એ જ શબ્દોને આધાર બનાવીને મણિલાલ હ. પટેલે નાની વયે ચિરવિદાય પામેલા મણિલાલ દેસાઈનું નાનું પણ કવિના જીવનની વિવિધ રેખાઓને વ્યક્ત કરતું ચરિત્ર, કહો ને ચરિત્રાત્મક નિબંધ રૂપે આપ્યું છે. તેમાં એ કવિ પ્રત્યેનો અપાર ભાવ અને એની કવિતા પ્રત્યેનો લગાવ ઉજાગર થયો છે. અહીં ગુજરાતી સાહિત્યમાં મણિલાલ દેસાઈ પ્રથમ વાર આ રીતે પ્રકટ થાય છે. પૂરા આદર અને ભાવથી આ ચરિત્ર આલેખાયું છે. મણિલાલ હ. પટેલ પ્રાપ્ત સામગ્રીનો સાર્થ વિનિયોગ કરવામાં માહેર છે તેની પ્રતીતિ થાય છે તો એક ચરિત્રકાર તરીકેની એમની પ્રતિભા પમાય છે. મણિલાલ દેસાઈની એકાધિક કવિતાને ઉપયોગમાં લઈને એ કવિતા સાથે કવિનું સાયુજ્ય કેવું છે તેનું રસમય નિરૂપણ કર્યું છે.

માત્ર ૪૫ પાનાંમાં મણિલાલ હ. પટેલે કવિ મણિલાલ દેસાઈના જીવનને આલેખ્યું છે. પ્રચલિત ઉક્તિને વાપરીને કહી શકાય કે અહીં ચરિત્રકારે ગાગરમાં સાગર સમાવ્યો છે. સુદીર્ઘ લખવું સરળ છે પરંતુ લાઘવથી લખવું કપરું છે. વળી મર્યાદિત શબ્દોમાં અક્ષરચિત્ર એ ચરિત્રને બરાબર આત્મસાત્ કરનાર જ આપી શકે. એ અર્થમાં ચરિત્રકાર સફળ રહ્યા છે.



અહીં આઠ પ્રકરણમાં કવિના જીવનની અનેક વાતો અને એમની પ્રચલિત કવિતાને સુયોગ્ય રીતે નોંધી છે. એવી સરસ ગૂંથણી થઈ છે કે સરી જતા ચિત્રપટ જેવું અનુભવાય છે. કવિના વતન પહોંચેલા ચરિત્રકારનો આંતરઉમંગ પહેલા

પ્રકરણમાં જ પામી શકાય છે. ચરિત્રકારના શબ્દો સાંભળો : 'ગોરગામ; કવિનું ગામ ! આજે મારે સોનાનો સૂરજ ઊગ્યો છે' (પૃ.૩) બીજા પ્રકરણમાં કવિનાં ગામ, ઘર, પરિવારનો પરિચય પ્રાપ્ત થાય છે. ચરિત્રની શ્રદ્ધેય વિગતો દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

'જંગલો' નામક ગઝલ ટાંકીને ચરિત્રકારે મુંબઈ ભણવા ગયેલા કવિનું માનસ કેવી રીતે સર્જનની ભોંય કેળવતું થયું તે આલેખ્યું છે. શાળાજીવનની ઘટના સાથે મણિલાલ દેસાઈના વ્યક્તિત્વને ક્રમશઃ ખોલતા જઈને એની સર્જકછવિને આકારિત કરી છે. દરિયાકાંઠે કલાકો સુધી એકલા બેસી રહેતા મણિલાલ દેસાઈ ભણીને અધ્યાપક થયા એ જીવનગતિને ચરિત્રકારે ચિત્ર જેમ દોરી છે. અધ્યાપન સાથે એની કલમ પણ ચાલી. મિત્રોથી સમૃદ્ધ – એમાં સ્ત્રીમિત્રો પણ ખરાં તેને નિર્દેશવાનું ચરિત્રકાર વીસરી ગયા નથી.

મુંબઈમાં ભણતા મણિલાલ વળી વચ્ચે એક વર્ષ વતન ગોરગામમાં ગાળે છે. પ્રકૃતિ સાથે એણે પાકી મૈત્રી કેળવેલી એના સંદર્ભો મળે છે. પોતાની કવિતાની સરસ નકલ કરતો આ કવિ કાગળમાં બચેલી જગ્યામાં ચિત્ર આલેખતો એ ઘટના ચરિત્રકાર નોંધે છે ત્યારે ચરિત્રની વિવિધ બાજુને રજૂ કરવાની નેમ વર્તાય છે.

છઠ્ઠા પ્રકરણમાં 'એક કાવ્ય' ચરિત્રકારે ઉતાર્યું છે તેની છેલ્લી પંક્તિઓ 'જિંદગી/ત્રાસ ત્રાસ/ મારે જીવવાના પ્રયત્નો છોડી દેવા જોઈએ' મણિલાલ દેસાઈની આંતર અનુભૂતિને નિર્દેશે છે. ૧૯ જુલાઈ, ૧૯૩૯માં જન્મેલો આ કવિ માત્ર ૨૭ વર્ષની વયે ૧૯૬૬માં મૃત્યુ પામે છે ત્યારે ચરિત્રકાર 'માટી જાયો માટીમાં સંતાયો' એવું લખીને એના મૃત્યુની વ્યથાને વાગોળે છે. મૂળે સમકાલીન કવિ રાવજીએ 'મણિલાલ' નામક કાવ્યમાં લખેલું : 'તું મારી માટીનો જાયો માટીના સ્તનમાં/ ક્યાં સંતાયો ?'નો સંદર્ભ છે. છેલ્લા પ્રકરણમાં એની કવિતાનાં મૂળ શોધવાનો પ્રયત્ન છે.

આ ચરિત્ર માટી જાયાનું ચરિત્ર છે.

['બોલ વાલમના', લે. : મણિલાલ હ. પટેલ, પ્ર.આ. ૨૦૧૮, પૃ. ૫૬, કિં. ૫૦/- રૂ., પ્રકા. : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ]

– પ્રફુલ્લ રાવલ

અભિનંદન

સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી સર્જક શ્રી ચંદ્રકાન્ત શેઠને ગુજરાતી બાળસાહિત્યમાં એમણે આપેલા સમગ્ર યોગદાન માટે ૨૦૧૮નો 'બાળસાહિત્ય પુરસ્કાર' પ્રાપ્ત થયો છે. આગામી બાળદિને એમને આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

સમયની મોકળાશ

અમેરિકાના બેન્જામિન ફ્રેન્કલિન મુદ્રક, પ્રકાશક, લેખક, સંશોધક, વિજ્ઞાની અને અમેરિકાની સ્વતંત્રતાનું જાહેરનામું તથા એનું બંધારણ ઘડનાર મુત્સદ્દી તરીકે જાણીતા બન્યા. સાબુ અને મીણબત્તી બનાવનાર ગરીબ પિતાનાં સત્તર સંતાનોમાંથી બેન્જામિન ફ્રેન્કલિન દસમું સંતાન હતા.

માત્ર ૧૦ વર્ષની વય સુધી અભ્યાસ કરવાની તક મળી. બારમા વર્ષે તો પોતાના ભાઈના છાપખાનામાં શિખાઉ તરીકે કામે વળગ્યા. પહેલાં અમેરિકાના ફિલાડેલ્ફિયામાં અને પછી ગ્રેટબ્રિટનના લંડનમાં કામ કર્યું. એમણે ચલણી નોટો છાપનાર તરીકે અને પંચાંગના પ્રકાશક તરીકે પ્રશંસનીય કામગીરી બજાવી.

એથીય આગળ જઈને અગ્નિશામક વિભાગ, આપ-લે પુસ્તકાલય અને અકાદમીની સ્થાપના કરી. સમય જતાં આ અકાદમી પેન્સિલવેનિયા યુનિવર્સિટી રૂપે સાકાર થઈ. પ્રકાશન પછી અમેરિકાના ઉત્તર વિભાગનાં બધાં સંસ્થાનોની ડેપ્યૂટી પોસ્ટ માસ્ટર જનરલની કામગીરી બજાવી.

એવામાં વિજ્ઞાનમાં રસ પડતાં એમણે સ્થિત-વિદ્યુત (સ્ટેટિક-ઇલેક્ટ્રિસિટી)નો સિદ્ધાંત શોધ્યો. બીજી બાજુ અમેરિકી વસાહતોને ગ્રેટબ્રિટનથી છૂટી પાડવાની ક્રાંતિમાં સામેલ થયા. સ્વતંત્રતાનું જાહેરનામું ઘડનારી પાંચ વ્યક્તિઓમાંના તેઓ એક હતા.

ફ્રાંસમાં રાજદૂત તરીકે પણ કામ કર્યું. સાથોસાથ ફ્રેંકલિને સ્ટવની શોધ કરી. રસાયણશાસ્ત્રમાં અતિ મહત્ત્વનાં સંશોધનો કરનાર ક્રિસ્ટલીને પણ એમણે પ્રોત્સાહન આપ્યું. એમણે નવા વિજ્ઞાનનો પાયો નાખનારાં પુસ્તકોનું પણ સર્જન કર્યું.

૮૪ વર્ષના આયુષ્યમાં અનેક જિંદગી જેટલું કામ કરનારા બેન્જામિન ફ્રેન્કલિન માનતા હતા કે જેઓ જીવનને ચાહે છે, એમણે સમય સહેજે બરબાદ કરવો જોઈએ નહીં. જેઓ સમય બરબાદ કરે છે, તેઓ જીવન બરબાદ કરે છે.

આટલાં બધાં કાર્યો વચ્ચે જીવનનો આનંદ કઈ રીતે પામી શકાય ? એવો સવાલ જાગે, ત્યારે એનું રહસ્ય દર્શાવતાં બેન્જામિન ફ્રેન્કલિન કહે છે,

''જીવનનો સૌથી મોટો વૈભવ એ સમયની મોકળાશ છે. આરામ કરવા માટે, વિચાર કરવા માટે, તમારી શક્તિ પ્રમાણે ઉત્કૃષ્ટ કાર્ય કરવા માટે સમયની મોકળાશ જરૂરી છે અને તે એક જ માર્ગે આવી શકે. તમે તમારા જીવનનાં કાર્યોનાં અગ્રતાક્રમનું આયોજન કરો. તે અંગે પૂરતો વિચાર કરો અને પછી કાર્ય કરો. તમારાં બધાં જ કાર્યોને યોગ્ય સંદર્ભમાં મૂકો. આમ કરશો તો તમારા જીવનમાં નવી ચેતના આવશે. જીવનમાં વર્ષોનો વધારો થશે અને વર્ષોમાં નવજીવનનો સંચાર થશે.''

આગામી કાર્યક્રમો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના** ઉપક્રમે ઑગસ્ટ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **સાડા પાંચ** વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

૮ ઑગસ્ટ ૨૦૧૮, બુધવાર : વિષય : આજનું જાપાન
વક્તા : શ્રી રક્ષાબહેન વ્યાસ

૨૨ ઑગસ્ટ ૨૦૧૮, બુધવાર : વિષય : સજીવ ખેતી અને આપણું જીવન
વક્તા : શ્રી કપિલ શાહ

ધર્મ-તત્ત્વ-દર્શન કેન્દ્ર

◈ ૩ ઑગસ્ટ ૨૦૧૮, શુક્રવાર : બપોરે ૩-૦૦ થી ૫-૦૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી વિવિધ ધર્મોનાં સૂત્રો અને તેનાં રહસ્યોને દર્શાવતી એક વિશિષ્ટ વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું પ્રથમ વ્યાખ્યાન ૩.૦૦થી ૪.૦૦ દરમિયાન શ્રી છાયાબહેન શાહ 'પ્રતિક્રમણ સૂત્રાર્થ' વિશે આપશે અને એનું દ્વિતીય વ્યાખ્યાન ૪-૦૦ થી ૫-૦૦ દરમિયાન શ્રી કુમારપાળ દેસાઈ 'મહાવીર-વાણીનાં રહસ્યો' એ વિશે આપશે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલૉજીના સહયોગમાં યોજાયેલા આ વ્યાખ્યાનમાં શ્રી ગૌરવભાઈ શેઠ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ઑગસ્ટ મહિનાના પ્રત્યેક શુક્રવારે બપોરે ત્રણથી પાંચ સુધી વિશ્વકોશ ભવનમાં આ વ્યાખ્યાનશ્રેણી યોજવામાં આવશે.

વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ ૧૮ ઑગસ્ટ ૨૦૧૮, શનિવાર : સાંજના ૫-૧૫

ગુજરાત કલાપ્રતિષ્ઠાન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલાકેન્દ્રના સંયુક્ત ઉપક્રમે કલાગ્રંથ ભાગ-૨૦ (કલાગુરુ રવિશંકર રાવળ - સંપાદક - રમેશ બાપાલાલ શાહ), કલાગ્રંથ ભાગ-૨૧ (કચ્છની કમાંગરી ચિત્રકલા - પ્રદીપ ઝવેરી) અને કલાગ્રંથ ભાગ-૨૨ (રાઠવાનો પિઠોરો - ભીંતચિત્ર - અરવિંદ ભટ્ટ) — આ ત્રણેય કલાગ્રંથનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે કલારવિ ટ્રસ્ટના પ્રમુખશ્રી અમિત અંબાલાલ, આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફર શ્રી જ્યોતિ ભટ્ટ, ટ્રસ્ટીશ્રી અનિલ રેલિયા, અગ્રણી ઉદ્યોગપતિશ્રી સંતોષભાઈ કામદાર, પૂર્વ સાંસ્કૃતિક મંત્રીશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ શ્રી કુમારપાળ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે સંપાદનકાર્યમાં યોગદાન આપનાર શ્રી રમેશ બાપાલાલ શાહ, શ્રી પ્રદીપ ઝવેરી અને શ્રી અરવિંદ ભટ્ટનું અભિવાદન કરવામાં આવશે.

શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવૉર્ડ અર્પણવિધિ

◈ ૨૫ ઑગસ્ટ ૨૦૧૮, શનિવાર : સાંજના ૫-૩૦

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શિક્ષણ, ઉદ્યોગ અને સમાજ સેવાના ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર શ્રી ચીનુભાઈ આર. શાહની સ્મૃતિમાં વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી આ ઍવૉર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે. એનો પ્રથમ ઍવૉર્ડ પુંસરી(તા. કલોલ, જિ. સાબરકાંઠા)ના પૂર્વ સરપંચ હિમાંશુભાઈ પટેલને એનાયત કરવામાં આવશે. શ્રી હિમાંશુ પટેલે છ હજારની વસ્તી ધરાવતા પુંસરીને દેશનું એક આદર્શ ગામ બનાવ્યું છે. આ ગામમાં દરેક ઘરને નળ દ્વારા પાણી મળે છે. એના રસ્તાઓ ચોખ્ખા તેમજ દરેકને ઘેર શૌચાલય છે. ગામની સેનિટેશનની વ્યવસ્થા પણ ઉત્તમ છે. સ્ટ્રીટલાઈટોની સુવિધા છે અને આખું ગામ વાઈફાઈ ધરાવે છે. ગામમાં કોઈ બાળક કુપોષિત નથી. ૨૦૧૦થી ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય છે. ક્રાઈમ રેટ શૂન્ય છે, ગામના ઘનકચરામાંથી વીજળી બને છે. આ ઍવૉર્ડ શ્રી કરસનભાઈ પટેલ(નિરમા)ના હસ્તે અર્પણ કરવામાં આવશે તેમજ આ પ્રસંગે શ્રી પ્રવીણ લહેરી, શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી રમેશ તન્ના વક્તવ્ય આપશે.

પ્રૂફવાચનનો સર્ટિફિકેટ કોર્સ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનું સંવર્ધન કરવા માટે અનેકવિધ દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે. એના ભાગ રૂપે ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ અને અન્ય માધ્યમોમાં થતાં લખાણોના મુદ્રણદોષના નિવારણ માટે નિષ્ણાત પ્રૂફ-વાચકો તૈયાર કરવા એક સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવાનું નક્કી કર્યું છે. પ્રૂફવાચનના અભ્યાસક્રમમાં પ્રૂફવાચનનું મહત્ત્વ, પ્રૂફવાચકની યોગ્યતા, પાયાનું વ્યાકરણ, વિરામચિહ્નો, માન્ય જોડણીના નિયમો, અનુસ્વાર, શબ્દલેખન, જોડણીકોશ વિશેની જાણકારી અને તેની અનિવાર્યતા, પ્રૂફવાચનમાં જોડણીકોશનો ઉપયોગ જેવા વિષયો શીખવવામાં આવશે. આ અભ્યાસક્રમ સોમવાર, મંગળવાર અને બુધવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ દરમિયાન ગુજરાત વિશ્વકોશ ભવનમાં ચાલશે. આ અભ્યાસક્રમમાં અમુક મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓ લેવામાં આવશે તેમ જ નિયમિત હાજરી જરૂરી છે.

આ અભ્યાસક્રમ ૧ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજથી શરૂ થશે અને ચાર મહિના સુધી ચાલશે. એની પરીક્ષા બાદ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્ર એનાયત થશે.

આ અભ્યાસક્રમની ફી ૧,૫૦૦ રૂ. છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના નામનો ચેક/ડ્રાફ્ટ કે રોકડા આપવા. આ કોર્સમાં અધ્યાપન કરાવવા માટે ભાષા-સાહિત્યના વિદ્વાનો તેમજ કુશળ પ્રૂફરીડરો વગેરે આવશે. આને માટેનું ફોર્મ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ૧૨.૦૦થી ૫.૦૦ દરમિયાન કૃપા દેથોલિયા પાસેથી મેળવવું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

ગુજરાતી વિશ્વકોશ (ભાગ ૧ થી ૨૫)

ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા)

૧૯૮૫ થી ૧૯૮૭ ભૂમિકાખંડ : સમગ્ર વિશ્વકોશમાં આવરી લેનારા ૧૬૯ વિષયોની સૂચિ

૧૯૮૭ થી ૨૦૦૯ : ૨૨ વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન.


૨૫ ગ્રંથોમાં ૧,૫૯૩ જેટલા લેખકો દ્વારા તૈયાર થયેલાં ૨૩,૦૯૦ અધિકરણો, જેમાં


માનવવિદ્યાના	૭,૯૬૫	વિજ્ઞાનના	૭,૯૩૫
સમાજવિદ્યાના	૭,૧૯૦	લઘુચરિત્રો	૬,૯૬૭
વ્યાપ્તિ-લેખો	૫૩૮	અનૂદિત લેખો	૨૪૮
ચિત્રો અને આકૃતિઓ	૧૧,૨૯૮		

૧,૭૩,૫૦,૦૦૦ જેટલી શબ્દસંખ્યા ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ વિશ્વકોશ

ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણીની વિશિષ્ટતાઓ

- ગુજરાતી ભાષામાં પ્રથમ વાર તૈયાર થયેલો સર્વસંગ્રાહક વિશ્વકોશ (General Encyclopaedia)
- એક હજાર પાનાંનો એક એવા પચ્ચીસ ગ્રંથો પ્રગટ થયા.
- ગુજરાતની અસ્મિતાને ઉપસાવી આપતો ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ, વિજ્ઞાન, વાણિજ્ય, ટૅક્નૉલૉજી, ઉદ્યોગ, વિશિષ્ટ વ્યક્તિઓ, સંસ્થાઓ અને ગુજરાતી પ્રજાની તમામ ક્ષેત્રની પ્રવૃત્તિઓનો વિગતસમૃદ્ધ રસપૂર્ણ અધિકૃત પરિચય આ ગુજરાતી વિશ્વકોશમાં આપ્યો છે.
- નિષ્ણાતો દ્વારા લખાયેલ સ્વતંત્ર લેખો રૂપે તેમાં વિશ્વ વિશે અને ભારત વિશે અદ્યતન તેમજ પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે.
- અઢી કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ ગ્રંથશ્રેણી વિદેશમાં વસતા ગુજરાતી સમાજ માટે મૂલ્યવાન સંસ્કારરક્ષક જ્ઞાનસાધનની ગરજ સારે છે.
- ગુજરાતી વિશ્વકોશના પ્રથમ નવ ખંડની નવસંસ્કરણ ધરાવતી, અદ્યતન માહિતી સાથે બીજી આવૃત્તિ તૈયાર થઈ છે.






તાપમાન (કેલ્વિનમાં)
ગુરુના ગ્રહ પર ચક્રવાત દરમિયાન બદલાતું તાપમાન



‘તમારું આરોગ્ય, તમારા રસોડાઘરમાં’
વિશે ડૉ. શિલીન શુક્લ



‘રોબૉટ : આશીર્વાદ કે અભિશાપ ?’
વિશે શ્રી સંજય ચૌધરી

દર માસની ૫મી તારીખે પ્રકાશિત

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2018-20 issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2020

ISSN 2321 6999